

અહો ! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું....જાણવું....જાણવું જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ-વાણી-મન-વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

卐

કહાન સંવત–૧૦ □ (૫૬૧) ❋ આત્મધર્મ ❋ (અંક–૧ વર્ષ–૪૭) □ વીર સં. ૨૫૧૬ જુલાઈ, ૧૯૯૦

અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાદગીથી ઉજવાશે

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની

## * ૭૭ મી જન્મજયન્તી *

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબહેન આપણા દુર્ભાગ્યે હવે સદેહ આપણી સમક્ષ નથી. તોપણ દેવ-ગુરુ-મહિમા તેમ જ સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક તેમના ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતા રહેશે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને કારણે તેમની ૭૭ મી જન્મજયન્તી આ વર્ષે શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ( અતિ સાદગીથી ) સમ્પન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૭૭ મી જન્મજયન્તી ( શ્રાવણ વદ બીજ )નું આયોજન તા. ૪-૮-૯૦, શનિવારથી તા ૮-૮-૯૦, બુધવાર—પાંચ દિવસ 'શ્રી ચોંસઠ-ઋદ્ધિમંડલવિધાન' પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમયુક્ત સમ્પન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહિનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ચલચિત્ર દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ તથા વઢવાણ તેમ જ ઘાટકોપર ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તેમ જ પ્રાસંગિક ભક્તિ, તા. ૨૫-૭-૯૦, બુધવારથી તા. ૮-૮-૯૦, બુધવાર—પંદર દિવસ ચાલનારો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ—ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મેહમાનોને લાભ મળશે. સમાગત મેહમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે.

નિવેદક—

હસમુખલાલ પોપટલાલ વોરા

—પ્રમુખ, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, ( સોનગઢ )

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૭
અંક-૧
[ ૫૬૧ ]




વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
JULY
A.D. 1990

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# અરિહંત, સિદ્ધ, સાધુ–ભગવંતોની અલૌકિક સ્તુતિ

[ શ્રી સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં. ૨ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ચાલે છે. પં. બનારસીદાસજી સમયસાર-કળશના પદ બનાવતાં પહેલાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરે છે. સ્તુતિનો એક ભાગ તો થઈ ગયો. બીજો ભાગ ચાલે છે.

सकल करम खल दलन, कमठ-सठ-पवन कनक-नग ।
धवल परम-पद-रमन, जगत–जन–अमल–कमल–खग ॥
परमत–जलधर–पवन, सजल–घन–सम–तन समकर ।
पर–अघ–रजहर जलद, सकल जन–नत भव–भय–हर ॥
जमदलन नरकपद–छयकरन, अगम अतट–भवजलतरन ।
वर–सबल–मदन–वन–हरदहन, जय जय परम अभयकरन ॥ २ ॥

જે સકળ કર્મરૂપી દુષ્ટોનો નાશ કરનાર છે અને કમઠરૂપી–દુષ્ટ અસુરદેવરૂપી પવનની સામે જે મેરુ સમાન અડગ છે એટલે કે સોનાનો મેરુ જેમ પવનથી ડગતો નથી તેમ કમઠના જીવે ચલાવેલા ઉગ્ર આંધીના ઉપસર્ગથી જે ચલિત થનાર નથી જેઓ ધ્યાનમાં એવા એકાગ્ર હતાં કે જેને ઉપસર્ગ ડગાવી શક્યો નહિ.

આ સ્તુતિમાં બધાં એકાક્ષર હોવાથી પાર્શ્વનાથ ભગવાનનું નામ નથી આવ્યું

પણ પાર્શ્વનાથની જ સ્તુતિ છે. કેવા છે ભગવાન? કે ધવલ નામ પવિત્ર, પરમ પવિત્ર પદમાં જે રમણ કરનારા છે એટલે જે નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે. સિદ્ધ-ભગવાન સંસારી જીવોરૂપી કમળને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે. પૂર્ણ પવિત્ર ચૈતન્યચમત્કારીક દશા જેને પ્રગટ થઈ છે તે નિમિત્તરૂપે પરને પણ એમ કરી શકે છે એમ કહેવું છે. ખરેખર તો ભગવાન પોતે પોતાનું કરનારા છે પણ બીજા જીવોને પોતાનું હિત કરવામાં નિમિત્તરૂપ છે તેથી ભગવાનને સંસારી જીવરૂપી કમળને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન કહ્યાં છે.

મિથ્યામતરૂપી મેઘોને ઉડાડી મૂકવા માટે ભગવાન પ્રચંડ વાયુ સમાન છે. સર્વજ્ઞ વીતરાગ પરમદેવે જે માર્ગ બતાવ્યો તેનાથી વિરૂદ્ધ મતવાળાઓએ જે એકાંત મતો સ્થાપ્યા છે તેને ઉડાડવા માટે ભગવાન પ્રચંડ વાયુ સમાન છે. અનેકાંત વડે એકાંતનું ખંડન કરવા ભગવાન સમર્થ છે.

જેને અમૃતસ્વરૂપ વીતરાગી સમતા પ્રગટ થઈ છે એવા ભગવાન અન્ય જીવોને પણ સમતા આપનાર છે. જે સમજે તેને સમતા પ્રાપ્ત થાય તે ભગવાને દીધી એમ કહેવામાં આવે છે. અશુભકર્મોરૂપી ધૂળને ધોવા માટે ભગવાન મેઘ સમાન છે. ઘણી ધૂળ ઉડતી હોય પણ એમાં જો વરસાદ આવે તો બધી ધૂળ બેસી જાય-ઉડે નહિ તેમ જે ભગવાનની વાણી સાંભળે, ભગવાનને ઓળખે—જાણે તેના કર્મોનો રસ ટળી જાય છે.

જેને સકળ જીવો નમન કરે છે. જે જન્મ-મરણનો ભય દૂર કરનારા છે એટલે ભગવાનને જે ઓળખે અને એવો જ મારો આત્મા છે એમ જાણે તેને ચોરાશીના અવતારનો નાશ થાય છે. જન્મ-મરણનો જ નાશ થાય છે.

જેણે અમૃત આનંદસ્વરૂપ પ્રગટ કર્યું છે એવા ભગવાનનું જે શરણ લે તેને પછી નરકગતિ મળતી નથી. અગમ નામ ગંભીર અને અતટ નામ મોટો, સંસારરૂપી સમુદ્ર તેમાંથી જીવને તારનારા છે. કીડી, મકોડા, કાગડા, કૂતરા જેવી અનેક યોનિવાળો આ મોટો, ગંભીર સંસારસમુદ્ર તેમાંથી આ ભગવાન સિવાય કોઈ તારનાર નથી. એટલે ભગવાને જેવું આત્માનું સ્વરૂપ કહ્યું તેવું સમજે તેને ચોરાશી લાખ યોનિના પરિભ્રમણનો અંત આવે છે. ભગવાન કોઈને તારી દેતા નથી. અતટ નામ જેના છેડા નથી એવા સંસારસમુદ્રથી પાર ઉતરવામાં ભગવાન નિમિત્તરૂપ છે.

ભગવાન અત્યંત બળવાન એવા કામદેવના વનને બાળવા માટે રુદ્રની અગ્નિ સમાન છે. સબળ મદન નામ ઉગ્ર કામવાસના કે જેમાં અનાદિથી જીવો બળી રહ્યાં છે

એવી કામવાસનાના વનને બાળવા માટે ભગવાન અગ્નિ સમાન છે. 'જય જય પરમ અભયકરન' પરમ અભય—નિર્ભયતા અને નીડરતાના દેનારા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો જય હો જય હો એમ કરીને સ્તુતિ અને માંગલિક કર્યું છે.

હવે ત્રીજી સ્તુતિ...તેમાં પારસનાથનું નામ આવશે. આ બનારસીદાસજી તો કવિ છે ને! શીઘ્ર કવિ હતાં.

जिन्हिके वचन उर धारत जुगल नाग,
भए धरनिंद पदुमावति पलकमें।
जाकी नाममहिमासौं कुधातु कनक करै;
पारस पखान नामी भयौ है खलकमें॥
जिन्हकी जनमपुरी नामके प्रभाव हम,
अपनौ स्वरूप लख्यौ भानुसौ भलकमें।
तेई प्रभु पारस महारसके दाता अब,
दीजै मोहि साता दगलीलाकी ललकमें॥ ३॥

પારસનાથ ભગવાન જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતા અને વનક્રીડા કરવા હાથીના હોદ્દે નીકળ્યા હતા ત્યાં તેના નાના જે તાપસ હતા તે યજ્ઞમાં લાકડા હોમતા હતા; એ જ લાકડામાં એ નાગ અને નાગણ બળી રહ્યાં હતાં તેને પાર્શ્વનાથે 'ૐ' એવો શબ્દ જે પંચપરમેષ્ટીનો વાચક છે એ સંભળાવ્યો અને એ બંને મરીને ધરણેન્દ્ર અને પદ્માવતી નામના ભવનવાસી દેવ-દેવી થયાં. ભગવાનના વચન સાંભળતા ક્ષણમાં નાગ-નાગણ મરીને દેવ-દેવી થયાં.

જેમ પારસમણિ નામનો પથ્થર લોહાને સોનુ બનાવે છે એ વાત જગતમાં પ્રસિદ્ધ છે, તેમ ભગવાનને જે સ્પર્શે—ઓળખે-સમજે તેને ભગવાન પોતાના સમાન બનાવે છે તે રીતે ભગવાન પણ જગતમાં પ્રસિદ્ધ છે.

જેમની જન્મભૂમિના નામના પ્રભાવથી અમે અમારું આત્મસ્વરૂપ જોયું છે એ કેવું છે? બનારસીદાસ કહે છે કે જાણે કે અમને સૂર્યની જ્યોતિ જ પ્રગટ થઈ છે. પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ 'બનારસ' તેના ઉપરથી આ શરીરનું નામ બનારસી રાખ્યું અને આ જ ભવમાં અમને ચૈતન્યજ્યોતિ અનુભવમાં આવી જાણે કે પુણ્ય-પાપના મેલ આડે છુપાયેલી ચૈતન્યસૂર્યની જ્યોતિ પ્રગટ અનુભવમાં આવી. જુઓ! અહીં બનારસીદાસજીને બનારસમાં આત્મ-અનુભવ થયો એ વાત બતાવી છે. અનુભવ થયો ત્યારે બનારસીદાસજી તો ગૃહસ્થાશ્રમમાં હતાં પણ આત્માનો અનુભવ કરવામાં સ્ત્રી પુત્રાદિ

ક્યાં નડે છે? આત્મામાં ડૂબકી મારતાં નિર્વિકલ્પ, શાંત આનંદનું વેદન થાય છે. ઘણાં એમ માને છે કે આત્માનો અનુભવ થાય તેની ખબર કેમ પડે? એ તો ભગવાન જાણે. અરે ભાઈ! અજ્ઞાન છૂટીને જ્ઞાન થાય એ ખબર કેમ ન પડે? સૂર્યની જ્યોતિની જેમ પુણ્ય-પાપના અંધકારથી પાર ચૈતન્યજ્યોતિનો અનુભવ થાય છે તેની ખબર જરૂર પડે જ.

બનારસીદાસજી કહે છે કે તે પ્રભુ પારસ કે જેણે અમને અનુભવરસનો સ્વાદ આપ્યો તે પોતાની પ્રિય દૃષ્ટિથી અમને શાંતિ આપો. અમારો અનુભવ હવે પૂર્ણ થઈ જાઓ. 'દીજે મોહિ સાતા દગલીલાકી લલકમેં' આંખ મીંચી ને ઊઘાડીએ એટલી વારમાં એટલે ક્ષણમાં અમારો પૂર્ણાનંદ પ્રાપ્ત થાઓ...

'જાગીને જોઉં ત્યાં જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ખેલ દીસે' ભગવાન આત્મા સત્ચિદાનંદસ્વરૂપનું અંતરમાં ભાન થાય ત્યાં જગતમાં કોઈ મારું ભાસતું નથી. પુણ્ય-પાપ પણ દેખાતા નથી. હું તો સત્ ચિદાનંદ પ્રભુ છું. જુઓ! આવો અનુભવ ચોથા ગુણસ્થાને ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. અને આવા અનુભવ વગરના સાધુ થાય તોપણ રખડી મરવાના છે. જાગીને જોતા નથી કે હું કોણ છું, કેવો છું અને વેષધારી થઈને રહે તેને આત્માનો કાંઈ લાભ નથી.

અહીં તો બનારસીદાસજી ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે અમને આનંદનો અનુભવ પૂર્ણ થાઓ...ક્ષણવારમાં શાંતિ પ્રગટ થઈ જાઓ. પ્રાર્થના તો ખરેખર આત્મા પાસે છે પણ નિમિત્તથી ભગવાનને જ કહેવાય ને! કોઈને પાંચ-પચાસ લાખ રૂપિયા થઈ જાય તે વિનયથી એમ બોલે છે ને કે આ તો વડીલોના પુણ્ય છે! તેની જેમ ભગવાન પાસે આ પ્રાર્થનાના વિનય, નમ્રતાથી બોલેલા વચનો છે ખરેખર કોઈ કાંઈ દેતું નથી અને કોઈ લેતું નથી.

આ અરિહંત ભગવાનની સ્તુતિ થઈ. હવે સિદ્ધ ભગવાનની સ્તુતિ કરે છે 'નમો સિદ્ધાણં' સિદ્ધપદ નામ શરીર રહિત દશા. અનંત અનંત શક્તિથી ભરેલો આત્મા પર્યાયમાં પૂર્ણરૂપે પ્રગટ થાય તેને સિદ્ધદશા કહે છે. 'શરીર, વાણી, મન આદિ રહિત એકલો પૂર્ણ પ્રગટ આત્મા તે સિદ્ધ.'

अविनासी अविकार परमरसधाम हैं।
समाधान सरवंग सहज अभिराम हैं ॥
शुद्ध बुद्ध अविरुद्ध अनादि अनन्त हैं।
जगत शिरोमनि सिद्ध सदा जयवन्त हैं ॥४॥

ભગવાન આત્મા અનાદિ-અનંત નિત્ય છે. જે સત્ છે તેની કદી ઉત્પત્તિ થતી નથી અને કદી નાશ પણ થતો નથી. એવો આત્મા અનાદિથી ચાર ગતિમાં રખડતો હતો ત્યાં એકલું દુઃખ હતું તેનો નાશ કરીને અનંત આનંદ પ્રાપ્ત કરવો તેનું નામ મુક્તિ, તેનું નામ સિદ્ધદશા અને તેનું જ નામ પરમ ઉત્કૃષ્ટદશા, જે પરમ-રસધામ એટલે પરમસુખનું સ્થાન છે.

સમાધાન સરવંગ નામ સિદ્ધભગવાનના અસંખ્ય પ્રદેશમાં શાંતિ...શાંતિ... શાંતિ ભરી છે. બરફ જેમ શીતળતાની શીલા છે તેમ ભગવાન આત્મા અરૂપી શાંતરસની શીલા છે. તે શાંતરસ જેને પૂર્ણ પ્રગટ થઈ ગયો છે તે સિદ્ધ છે.

એક ભાઈ પૂછતાં હતાં કે અશરીરી સિદ્ધભગવાન કોઈનું કાંઈ કરે કે નહિ? તો કીધું, કાંઈ ન કરે તો કહે એ સિદ્ધભગવાન શું કામના? અહીં અમે પણ બીજાનું જેટલું થાય એટલું કરીએ છીએ અને ભગવાન કાંઈ ન કરે? ભાઈ, અહીં તું પણ શું કરે છે? અજ્ઞાનથી માને છે કે હું બીજાનું કરું છું. આ મારા કારખાનામાં ૨૫-૫૦ માણસો નભે છે પણ એ તો એના પુણ્યથી નભે છે તેમાં તે શું કર્યું? તું તો અજ્ઞાનથી રાગ અને દ્વેષ કરે છે, કોઈનું કાંઈ કરવા કોઈ સમર્થ નથી. કોણ કોનો શેઠ છે? કાં તું વિકારનો શેઠ અને સમજ તો તું નિર્વિકાર સ્વભાવનો શેઠ છો બીજાનો શેઠ કોઈ છે જ નહિ.

અહીં તો કહે છે કે સિદ્ધભગવાનને સહજ પરમ સમાધાનરૂપ શાંતિ છે. પુણ્ય-પાપના વિકલ્પો છે—રાગ છે તે અશાંતિ છે—આકુળતા છે. નાના નાના ચકલાં બેઠા હોય ને! બેઠાં બેઠાં પણ પાંખ ફફડાવ્યા કરે. ચંચળતા બહુ હોય. ઝાડ ઉપર બેઠાં બેઠાં વાંદરા પણ આંખો આમથી તેમ ફેરવ્યા કરે, પૂંછડી આદિ હલાવ્યા કરે, એ અંદરના કષાય બહાર શરીરની ચેષ્ટામાં દેખાય છે અને જેને અંતરમાં કષાય શમી ગયો છે એવા સિદ્ધને અસંખ્ય પ્રદેશોમાં શાંતિ...શાંતિ વર્તે છે. સહજ સમાધાન વર્તે છે. ભક્તિમાં આવે છે ને! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં...' પ્રભુ! તું જેવો શાંતસ્વરૂપ શીતળ શીલા છો, એવો જ મારો સ્વભાવ છે. તેને પ્રગટ કરીને હું પણ તારા જેવો થાઉં એ માટે હું સ્તુતિ કરું છું.

'સમાધાન સર્વાંગ સહજ અભિરામ હૈ' આ કોઈ કૃત્રિમ શાંતિની વાત નથી. આ તો અતીન્દ્રિય અકષાય શાંતિના અંકુર ફૂટીને અંતરમાં શાંતિની રેલમછેલ થઈ ગઈ છે તેનાથી પ્રભુ આપ સર્વાંગ સુંદર થઈ ગયા છો.

શુદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ અનાદિ અનંત છો. પ્રભુ! આપ તો મહા શુદ્ધ છો,

પૂર્ણ જ્ઞાની છો, વિરોધ રહિત છો, બીજાને તારી દઉં એવો વિકલ્પમાત્ર પણ જેને નથી એવી દશા જેને પ્રગટ થઈ છે તે પરમાત્મા છે. લોકો જેને-તેને પરમાત્મા માનીને માથા ફોડે છે તેને કહે છે કે પરમાત્મા તો આવા હોય.

જેમ સંસારી જીવો જગતમાં અનાદિના છે અને અનંતકાળ રહેવાના છે, તેમ જગતમાં સિદ્ધો અનાદિ અનંત છે. જેમ 'ગાડું' કહેતાં તેનો આગલો અને પાછલો બંને ભાગ આવી જાય છે એમ 'જગત' કહેતાં તેમાં શરીર સહિત અને શરીર રહિત બધાં જીવો આવી જાય છે. સંસારી અને સિદ્ધ બંને અનાદિના છે કોઈ આગળ-પાછળ નથી.

તે જગત શિરોમણી સિદ્ધ સદા જયવંત રહો. ચૌદ બ્રહ્માંડ અસંખ્ય જોજનમાં રહેલો છે તેમાં સૌથી ઉપરના ભાગમાં સિદ્ધો રહે છે. લોકના અગ્રે રહેલાં છે તેથી સિદ્ધોને જગત શિરોમણી કહ્યાં છે. રાજા-મહારાજા પરણે ત્યારે માથા ઉપર કલગી રાખે છે ને! તેમ સિદ્ધો જગતની કલગીના સ્થાને છે.

સિદ્ધાલયમાં સિદ્ધો પોતાના પૂર્ણ આનંદમાં રહે છે ત્યાં કાંઈ ખાવા-પીવાનું કે નોકર-ચાકર આદિ કાંઈ નથી. સદાય સહજ સુખમાં મસ્ત છે એવા સિદ્ધો જયવંત વર્તો.

અરિહંત અને સિદ્ધની સ્તુતિ થઈ. હવે બનારસીદાસજી સાધુની સ્તુતિ કરે છે.

ग्यानकौ उजागर सहज सुखसागर,
सुगुन-रतनागर विराग रस भरयौ है।
सरनकी रीति हरै मरनको न भै करै,
करनसौं पीठि दे चरन अनुसरयो है ।।
धरमको मंडन भरमको विहंडन है,
परम नरम ह्वैकै करमसौं लरयौ है।
एसौ मुनिराज भुवलोकमैं बिराजमान,
निरखि बनारसी नमस्कार करयौ है।। ५ ।।

જુઓ! સાધુના ગુણો કેવા હોય તેને અહીં ઓળખાવે છે. જે સ્વરૂપને સાધે તે સાધુ છે. રાગને સાધે, સંયોગને સાધે એ તો અજ્ઞાની છે. સત્ ચિદાનંદ પ્રભુ આનંદના ધામમાં અનંત અનંત શુદ્ધતાના અને શાંતિનો સમાજ પડ્યો છે એવા સ્વરૂપને જે નિર્વિકલ્પ શુદ્ધતા વડે સાધે તેને સાધુ કહેવાય છે.

ભગવાન આત્મા પરમ પવિત્ર શુદ્ધ જ્ઞાનના પ્રકાશક છે. શુદ્ધોપયોગી મુનિ જ્ઞાનના ઉજાગર છે. ચૈતન્યબિંબ-ચૈતન્યચમત્કારનો પ્રકાશ કરનારા છે. મુનિરાજ સહજ સુખના સાગર છે. સાહજિક એટલે જે આત્મજનિત સુખ છે તે કોઈ અન્ય દ્વારા ઉત્પન્ન થતું નથી. તેથી જે સ્ત્રી, કુટુંબ, ભોગ, પૈસા આદિમાં સુખની કલ્પના કરે છે તે જૂઠી છે તે સુખ નથી પણ દુઃખ છે.

સમુદ્રના મધ્યબિંદુમાંથી જેમ પાણી ઊછળતાં કાંઠે ભરતી આવે છે તેમ અંતરમાં સ્વરૂપના ધ્યેયને પકડતાં સાધુને વર્તમાનદશામાં આનંદના ઉમળકા આવે છે. પર્યાયના કાંઠે સુખનો સાગર ઊછળે છે. જાણે સુખનો દરિયો ઊછળ્યો છે. ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શનાદિ ગુણનો રત્નાકર છે—આકર નામ દરિયો છે.

શ્રોતા :—પણ પ્રભુ ! આ દરિયો દેખાતો તો નથી ?

ગુરુદેવશ્રી :—અરે બાપા ! ઈ જ દેખાય છે. જ્યાં હોય ત્યાં આ દેખાય છે, આ આમ છે એવું નક્કી કોણ કરે છે ? પોતાની હયાતી વગર જાણે કોણ ? આ શરીર છે, આ રાગ છે એ જાણ્યું કોણે ? જ્ઞાનભૂમિ સિવાય કઈ ભૂમિકામાં જાણવાનું કાર્ય થાય ! આ જ્ઞાન છે તે જ આત્મા છે જ્યાં જુઓ ત્યાં આત્મા જ જણાય છે પણ તેની સામે નજર નહિ અને પર સામે જ નજર છે તેથી ચૈતન્યરત્નાકર તો દેખાતો નથી એમ લાગે છે.

આત્મા જ સમકિત આદિ ગુણરત્નોની ખાણ છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, સુખ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપ્રદાન, અધિકરણ આદિ અનંતગુણનો સમુદ્ર છે. પોતે જ આનંદનો કર્તા, આનંદનો ભોક્તા, આનંદનો દાતા અને આનંદનો લેનાર પણ પોતે જ છે. સાધુ-મુનિરાજ પોતે જ આનંદના કરનાર અને ભોગવનાર છે. આ સફળ અવતાર છે. મુનિરાજનો જન્મ સફળ છે કે જેણે અનંતા જન્મ-મરણને અફળ કર્યા છે.

ભાઈ ! તેં સાધુપદ સાંભળ્યા નથી. સાધુને તો ગુણરત્નોનો સાગર ફાટી નીકળ્યો છે. સાથે મુનિનો વૈરાગ્ય પણ કેવો છે ! આખા જગતથી ઉદાસ...ઉદાસ...કોઈ ચીજ મારી નથી, કોઈથી મને લાભ નથી, કોઈથી હું રાજી થતો નથી, કોઈથી હું કરમાતો નથી, મુરઝાતો નથી, દુઃખી થતો નથી. આવા વૈરાગ્યરસથી મુનિરાજ છલોછલ ભર્યા છે. દેહમાં પણ વૈરાગ્ય દેખાય છે અને મુનિરાજની વાણીમાં તો જાણે અમૃત જ ઝરે છે. અંદરમાં અમૃતસ્વરૂપ આત્માનું ભાન છે તેની વાણીમાં પણ જાણે અમૃત જ ઝરે છે.

જુઓ! આવા સાધુને અમે યાદ કરીએ છીએ. આ સમયસાર નાટક શરૂ કરતાં આવા અરિહંત, સિદ્ધ અને સાધુને યાદ કરીને પછી અમે સમયસાર નાટક કહીશું. લગ્નના પ્રસંગમાં પણ લોકો વ્હાલાં સગાને યાદ કરે છે ને કે અરે, આવા પ્રસંગે આ દીકરો કે દીકરી આવી ન શકયાં!—એ તો બધાં રાગના લક્ષણ છે પણ અહીં તો વીતરાગી પ્રભુને યાદ કરે છે કે પ્રભુ, આપને યાદ કરીને અમે શાસ્ત્ર શરૂ કરીએ છીએ. અમે અમારાં સ્વરૂપની લગની લગાવીને શાસ્ત્ર લખીએ છીએ તેમાં પ્રભુ! આપ વહેલાં પધારો, આપનાથી જ અમારી શોભા છે.

'સરનકી રિતી હરૈ...' મુનિરાજ કોઈનું શરણ લેતા નથી. આ મુનિદશામાં અમને કોઈની સહાય હોય તો ઠીક એવો ભાવ જ મુનિને હોતો નથી. અરે, જ્યાં વ્યવહાર વિકલ્પનું પણ શરણ નથી ત્યાં બીજાં કોનું શરણ!

બનારસીદાસે પણ કાંઈ રચના કરી છે! પહેલાં શૃંગારના કાવ્યો લખતાં તેમાંથી ગુલાંટ મારીને અધ્યાત્મના કેવા સુંદર કાવ્યો લખ્યાં છે!

મુનિરાજ 'મૃત્યુકો ન ભય કરે', આત્મા તો અનાદિ-અનંત છે તો મૃત્યુ કોનું? પર્યાયમાં નિર્મળતા છે તેનો પણ નાશ થવાનો નથી પછી મૃત્યુ કોનું? સામે કાળો નાગ આવે કે કેસરીયો સિંહ આવે પણ તે કોને ખાશે? શરીરનો સંયોગ છે તે છૂટી જશે પણ મારા સત્‌ચિદાનંદ આત્માને સર્પ કે સિંહ શું કરી શકે? એમ મુનિરાજ નિર્ભય અને નિઃશંક હોય છે.

'કરનસો પીઠિ દે ચરન અનુસર્યો હૈ' કરન એટલે ઇન્દ્રિયો અને તેના વિષયો મુનિરાજે પીઠ દીધી છે અને ચારિત્રને અનુસરે છે. ધર્મની સ્થાપના કરે છે અને ભ્રમનો નાશ કરે છે. અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં આવા સંતોથી જ ધર્મની શોભા છે. મિથ્યાત્વરૂપ ભ્રમણાનો તો મુનિરાજે નાશ કર્યો છે. ઈન્દ્ર, ચક્રવર્તીપદમાં સુખ છે એવી ભ્રમણા પણ મુનિને ન હોય. મુનિરાજ સર્વ ઇન્દ્રિયવિષયોની ઇચ્છાથી રહિત અતીન્દ્રિય સ્વરૂપને સાધે છે. બનારસીદાસ કહે છે કે આવા મુનિઓને યાદ કરીને હું શાસ્ત્રની રચના કરું છું. આ જ માંગલિક છે.

(ક્રમશઃ)

# આહાહાહા....! આ તો અમૃત વરસ્યા છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(પ્રવચન નં. ૨૫)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. પરમાત્મપ્રકાશ એટલે નિશ્ચયનયથી આ દેહમાં જ પરમાત્મવસ્તુ છે. જો આત્મા શક્તિએ પરમાત્મા ન હોય તો પર્યાયમાં પરમાત્મા ક્યાંથી થાય?

શરીર અને કર્મના સંબંધમાં હોવા છતાં આત્મા કદી શરીર કે કર્મરૂપ થતો નથી અને શરીર કે કર્મ કદી આત્મારૂપે થતાં નથી. આવા આત્માના સ્વભાવને તું દૃષ્ટિમાં લે અને તેને જ પરમાત્મા જાણ. (—એમ મુનિરાજ કહે છે.)

ખરેખર તો પુણ્ય-પાપની વાસના અને ચૈતન્યસ્વભાવ વચ્ચે પણ સંધિ છે. બંને એક થયા નથી. એક થયા હોય તો કદી જુદાં પડે નહિ પણ આ તો જુદાં જ છે તેથી જુદાં પડે છે. માટે હવે તું શરીર, કર્મ અને પુણ્ય-પાપથી ભિન્ન એવી ચૈતન્યસંપદાને દૃષ્ટિમાં લે. તારી દૃષ્ટિમાંથી ચૈતન્ય વેગળો (જુદો) થઈ ગયો હતો તેને હવે દૃષ્ટિમાં લે! અને વીતરાગ સ્વસંવેદન વડે તેનું જ્ઞાન કર અને તેનું જ ધ્યાન કર.

જેણે આવા પરમાત્મસ્વરૂપ આત્માનો અનુભવ કર્યો છે એવા ધર્મીને આત્મા જ પ્રિય છે, આત્મા જ ઉપાદેય છે. તેને શરીર, વાણી, પુણ્ય-પાપ આદિ પ્રિય નથી. ધર્મીની ધર્મદૃષ્ટિમાં એવો ભગવાન આત્મા એક જ ઉપાદેય છે અને આ જ આત્માને અધર્મદૃષ્ટિથી અજ્ઞાનીએ હેય માન્યો છે.

અહીં તો એક ઘા ને બે કટકાની વાત છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો' ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ મારો આત્મા જ આદરણીય છે, પ્રિય છે અને એ જ મને હિતકર છે, બીજું કાંઈ મને પ્રિય કે હિતકર નથી. એમ સમ્યગ્દૃષ્ટિને એક આત્માનું જ ધ્યેય છે અને રાગના રુચિવંતને ભગવાન આત્મા આખો હેય છે.

બે ભાગ છે ભાઈ! તને પોસાય તે ભાગ લે. એક ભાગમાં આખો પૂર્ણ શુદ્ધ ચૈતન્યદેવ છે અને બીજા ભાગમાં શરીર, વાણી, મન, પુણ્ય-પાપ આદિ બધું છે. તેમાંથી તને જે ભાગ ગમે તે લઈ લે. બંને ભાગ એકસાથે નહિ મળે. આત્મા પ્રિય હોય તો શરીરાદિનો પ્રેમ છોડ અને શરીરાદિ પ્રિય હોય તો આત્મા નહિ મળે. આ સમજણનું કાર્ય અમલમાં મૂકવા જેવું છે.

આચાર્યદેવ મનુષ્યોને 'દેવાણુપ્રિય' કહીને સંબોધે છે. કેમ? કે મનુષ્યદેહ દેવોને પણ વલ્લભ છે. ક્યારે અમે મનુષ્યદેહ પામીએ અને મોક્ષ જઈએ એમ દેવો પણ ઝંખે છે.

એક તરફ કાળા કોલસાની ખાણ છે અને એક તરફ હીરાની ખાણ છે, જે પસંદ પડે તે લઈ લે. એક તરફ ચૈતન્યની ખાણમાં અનંત આનંદ, જ્ઞાનાદિ ગુણરૂપ હીરાની ખાણ છે અને એક તરફ જડ શરીર અને વિકારની ખાણ છે. તેમાંથી એકને ઉપાદેય કરીને બીજાને હેય જાણ!

જો તને ચૈતન્યહીરાનો પ્રેમ થશે તો પુણ્ય, પાપ, શરીર આદિની રુચિ છૂટી જશે અને જો તને શરીર અને વિકારની જ રુચિ છે તો તને ચૈતન્યહીરાની કિંમત નથી, હીરાની આખી ખાણ તને હેયપણે વર્તે છે પણ તેની સામે જોવાની તને દરકાર નથી.

ભાઈ! તારી દૃષ્ટિમાં ભગવાનને બિરાજમાન કરવા છે કે કર્મ રાગ અને વિકારને? બેમાંથી એકનો સ્વીકાર કર. અહીં તો દરેક ગાથામાં હેય અને ઉપાદેય બે જ વાત છે. થોડી વાતમાં મહાસિદ્ધાંત આપી દીધાં છે.

આજે જ કર....આજે જ કર. વાયદા ન કર. જેને આત્મા રુચે તેને વાયદા ન હોય. વાયદા કરે છે તેને ખરેખર આત્મા રુચ્યો જ નથી. એણે આત્માને શ્રદ્ધામાંથી તરછોડયો છે.

શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં જે ભગવાન ચૈતન્યદેવનો આદર કરે છે તેના ફળમાં તેને મુક્તિની પ્રાપ્તિ થાય છે. તેનો ઉપાય તેની શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મદશા છે. શુભભાવ તે ઉપાય નથી. આત્માની મુક્તિ અને તેનો ઉપાય બંને આત્મામાં જ સમાય છે.

હવે ૩૮મી ગાથામાં મુનિરાજ કહે છે કે નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો આત્મા દેહ અને કર્મોથી રહિત છે. આગળની ગાથામાં હતું કે આત્મા દેહ અને કર્મથી બંધાયેલો હોવા છતાં છૂટો છે અને અહીં કહ્યું કે આત્મા બંધાયેલો જ નથી. ગાથા દીઠ ન્યાય ફેરવે છે.

અરે, આત્મા શરીર અને કર્મથી મુક્ત હોવા છતાં સ્વરૂપના અજાણ જીવે ને શરીરરૂપ જ દેખાય છે. આખો ભગવાન આત્મા દેખાતો નથી અને તેને તો શરીર અને કર્મ જ દેખાય છે.

આહાહા....! આ તો અમૃત વરસાવ્યાં છે. અરે, જેમાંથી અમૃતના ઝરણાં ઝરે છે એવા સ્વરૂપની કબૂલાત ન આવી અને તેમાં જે નથી એવા શરીર અને કર્મમાં જ જેણે સર્વસ્વ માની લીધું એવા મૂઢને આત્મા આદરણીય ન હોઈ શકે. તેને તો શરીર અને ધન આદિમાં મજા લાગે છે તેથી જેમાં ખરેખર મજા છે એવો આત્મા તેને હેય વર્તે

છે. શરીર, કર્મ અને રાગમાં જ સુખ છે એમ માનીને મૂઢે આનંદસ્વરૂપ આત્મા દૃષ્ટિમાંથી છોડી દીધો છે.

જેને આત્મામાં જ આનંદ અને સુખ છે એવી દૃષ્ટિ થઈ છે તેને શરીર અને રાગાદિમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે. અરે, ભોગના કાળમાં પણ તેને ભોગમાં સુખબુદ્ધિ નથી પણ આત્મામાં સુખબુદ્ધિ છે.

નિશ્ચયદૃષ્ટિથી જોઈએ તો એટલે – સત્....સત્....સત્ સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો આત્માનું સ્વરૂપ શરીર, કર્મ અને વિકારથી રહિત છે. વર્તમાનમાં પણ આત્મા શરીરાદિથી રહિત છે હો, પ્રશ્ન થાય કે આ શરીર દેખાય છે ને! ભાઈ, શરીર શરીરમાં છે અને આત્મા આત્મામાં છે. અરે, પણ આ આવો આજ્ઞાકારી પુત્ર છે તે તો મારો ખરો કે નહિ? ના, એ તો કોલસાની ખાણ છે, તેમાંથી ચૈતન્યહીરા નહિ મળે. આ તરફ હીરાની ખાણ છે તેનો આદર કરીને લૂંટાય એટલા હીરા લૂંટી લે.

ચૈતન્યહીરાની ખાણના બારણા ખોલ – ચૈતન્ય ઉપર દૃષ્ટિ આપ એટલે ચૈતન્ય-હીરાની ખાણમાંથી હીરા નીકળ્યાં જ કરશે. પણ એક શરત છે કે આ બાજુના કોલસાની ખાણના બારણા બંધ કરવા પડશે. પુણ્ય-પાપનું બંધન અને તેનું ફળ તારી દૃષ્ટિમાં હેય થઈ જશે તો જ ચૈતન્ય ઉપાદેય થશે.

મૂઢ જીવો કેવા છે? કે નિશ્ચય-વ્યવહારરત્નત્રયની ભાવનાથી વિમુખ છે. નિશ્ચય-રત્નત્રય એટલે શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિજ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા અને વ્યવહાર-રત્નત્રય એટલે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ તે બંનેથી જે રહિત છે એવા મૂઢ અજ્ઞાની જીવો પોતાને શરીરરૂપ જ માને છે.

શરીરે સુખી તે સુખી, ધનવાન હોય તે સુખી, નિરોગ હોય તે સુખી એમ પ્રગટ-પણે અજ્ઞાની પોતાને શરીરરૂપ માને છે. બહારની સગવડતાથી હું સુખી અને બહારની પ્રતિકૂળતાથી હું દુ:ખી એમ પ્રગટપણે તેમાં અહમ્‌બુદ્ધિ કરે છે. જ્ઞાની બહારની અનુકૂળતા–પ્રતિકૂળતા અને શરીરાદિથી રહિત પોતાને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માને છે. આવા શુદ્ધ આત્મા ને હે શિષ્ય! તું પરમાત્મા જાણ. તે સિવાય પરમાત્મા કોઈ બીજો છે એમ નથી.

ઓહો! અદ્‌ભુત વાત કરી છે ને! રાગાદિના પ્રેમીલાને પ્રભુનો ભાવ હેય વર્તે છે અને પ્રભુભાવના પ્રેમીને રાગાદિનો પ્રેમ દૂર વર્તે છે. આ તો સાદી–સીધી ગુજરાતી ભાષામાં સમજાય તેવી વાત છે. માટે એમ ન માનવું કે અમે અભણ છીએ, એમ ન માનવું કે અમે સ્ત્રી છીએ, એમ ન માનવું કે અમે દીન, હીન અને વીર્યહીન છીએ. આવો ભાવ આવે એ ભાવ જ પરમાત્માનો વૈરી છે. અમે નબળા ને અમે અબળા,

અભણ એ માન્યતા જ તારા પરમાત્માની દુશ્મન છે. અરે, પશુને પણ ભગવાન આત્માનું ભાન થઈ જાય છે ને! એ કયાં ભણવા ગયા હતા?

દેડકાં જેવા પશુ જેને એક શબ્દનું પણ જ્ઞાન નથી તેને અંદરમાં જ્યાં 'હું તો આનંદમૂર્તિ આત્મા છું' એમ ખ્યાલમાં આવે છે ત્યાં પુણ્ય-પાપના વિકલ્પો તો સહજપણે હેય વર્તે છે. અને મોટા વૈભવવાળા રાજા-ચક્રવર્તી હો કે ૧૧ અંગ ને નવ પૂર્વના ભણેલા મુનિ હો પણ આત્માનું ભાન નથી તેના વૈભવ કે ભણતર શા કામના? અગિયાર અંગના ભણતરથી અધિકપણું લાગે છે તેને આત્માનો પ્રેમ જ નથી. એક પણ પરપદાર્થનો પ્રેમ છે તેને ભગવાન આત્માનો પ્રેમ જ નથી.

પર તરફનું ભણતર, ડહાપણ, પરનો પ્રેમ એ બધો બહિરાત્મભાવ છે તેમાં 'હું પણું' માનનાર પરમાત્માના વૈરી એવા શરીરાદિને જ મારા માને છે તેને સ્વભાવથી વિરુદ્ધ એવા શરીર, કર્મ અને રાગનો પ્રેમ છે તેથી ભગવાન આત્મા તેને હેય વર્તે છે, ઉપાદેય થતો નથી.

ભગવાન આત્મા શરીર, કર્મ અને વિકારથી ખાલી છે પણ પોતાના અનંતગુણથી ભર્યો છે. તેના એક એક ગુણની શક્તિ તો જુઓ! જેમ અનંત આકાશમાં એક નક્ષત્ર રહેલ છે તેમ આત્માની જ્ઞાનશક્તિમાં ત્રણકાળ અને ત્રણલોક એક નક્ષત્ર જેવડા છે. જ્ઞાનની શક્તિનો કોઈ પાર નથી.

પુણ્ય-પાપના રાગ જેવડો તો આત્મા નથી, બાર અંગ ને નવપૂર્વના જ્ઞાનની પર્યાય જેવડો પણ આત્મા નથી. આત્મા તો એવડો મોટો છે કે જેની જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળ અને ત્રણલોક એક નક્ષત્ર જેવડા દેખાય છે. તેથી આત્માને રાગ જેવડો કે પર્યાય જેવડો માનવો તે મિથ્યાત્વ છે.

તારા સ્વભાવની અને પ્રગટ થતી પૂર્ણ પર્યાયની મહિમા અચિંત્ય છે પ્રભુ! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ આદિ બધી પર્યાયને કયાંય ગોપવીને પ્રભુ તું તો પૂર્ણસ્વરૂપે બિરાજમાન છો. તું કાંઈ એ અધૂરી પર્યાયરૂપે રહેલો નથી. પ્રભુ! તારા જ્ઞાનસ્વભાવની મહત્તાનું માહાત્મ્ય શું કહેવું! તું કેવડો મોટો એની તને શું વાત કરવી?

ભાઈ! તારા સ્વભાવના માપ શા! એક જ્ઞાનગુણનું માપ પણ આવતું નથી એવા તો તારામાં અનંતગુણ છે. એક જ્ઞાનસ્વભાવમાં અનંત સિદ્ધો કેવળી આદિ બધાં એક નક્ષત્ર જેવડાં જણાય છે. આવડો મોટો ચૈતન્યપ્રભુ તું પોતે અને તેનું માહાત્મ્ય નહિ અને પરની મહિમામાં તું જાય છો આ તને શું થયું છે પ્રભુ!

જ્યાં પાંચ શબ્દ બોલતાં આવડી જાય કે પાંચ-પચીશ શાસ્ત્રો ભણી જાય ત્યાં એને એમ થઈ જાય કે અહા! હું તો બહુ મોટો થઈ ગયો. ભાઈ! આ તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આખું લોકાલોક જે જ્ઞાનમાં એક નાના એવા નક્ષત્ર સમાન છે એ જ્ઞાનની

૭૭ જાવજ્જમ વર્તન

તને અધિકતા ભાસતી નથી, તેને તું હેયપણે જાણે છે અને તુચ્છ પરલક્ષી જ્ઞાનની તને અધિકતા લાગે છે, તેને ઉપાદેય માને છે એ પ્રભુ! તારી કેટલી વિપરીતતા છે! મોટાને મોટપ ન દીધી અને નાનાને મોટું માન્યું પ્રભુ! એ તારી દૃષ્ટિની વિપરીતતા છે.

ભગવાન આત્મા અનાદિ–અનંત એકરૂપ ચૈતન્ય–અરીસો છે પણ તેં કદી ચૈતન્ય ઉપર નજર કરી નથી, જ્ઞાન અને શ્રદ્ધામાં લેવા લાયક ચૈતન્ય તરફ તેં કદી દૃષ્ટિ કરી નથી. પર તરફના વિકલ્પોથી રહિત સ્વભાવસન્મુખના ભાવથી આત્મા આદરણીય છે. સંતોને સ્વભાવ જ આદરણીય છે.

જે જ્ઞાનમાં આખું લોકાલોક એક નક્ષત્ર સમાન ભાસે એટલે કે લોકાલોક કરતાં અનંતગણી જેની જાણવાની શક્તિ છે એવા જ્ઞાનસ્વભાવની તને કેમ મહિમા નથી આવતી અને બીજી ચીજની કેમ મહિમા આવે છે? જેને આ સ્વભાવની મહિમા આવે છે એવા ધર્મીને એક આત્મા જ ઉપાદેયપણે વર્તે છે. બીજું બધું ક્ષયોપશમ જ્ઞાન, શ્રદ્ધા આદિ હેય વર્તે છે અને જ્ઞાનના ઉઘાડ આદિની જેને મહિમા છે તેને ભગવાન આત્મા હેય વર્તે છે.

આત્માના અલૌકિક જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય દર્શાવનાર પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

[ ક્રમશઃ ]

અધ્યાત્મવિદ્યાભૂમિ સોનગઢમાં—

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૭ મી જન્મજયંતી (તા. ૪-૮-૯૦ થી તા. ૮-૮-૯૦)ના અવસરે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૨૫-૭-૯૦ બુધવાર થી તા. ૮-૮-૯૦, બુધવાર—પંદર દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

**સૂચના** :—બાહર ગામથી આવેલા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. પોતાનું બેડિંગ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈન સિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા, છહાળા—પાઠ્ય પુસ્તક—પોતાની પાસે હોય તો અવશ્ય સાથે લાવે.

—*—

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આત્માના ભાનપૂર્વક જ્ઞાની જીવ વસ્તુસ્વરૂપ અનુસાર બાર વૈરાગ્યભાવના ભાવે છે, તેમાં રાગ તૂટીને જ્ઞાનની એકાગ્રતા વધતી જાય છે. તેનું નામ ધર્મ અને સંવર છે. અહીં ૧૧મી બોધિદુર્લભભાવનાનું વર્ણન ચાલે છે.

ચિદાનંદ આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે અનંતકાળમાં જીવને દુર્લભ છે. સર્વજ્ઞ પરમાત્માએ કહેલું યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે? તેનું શ્રવણ પણ અનંતકાળે મળવું મોંઘું છે ને શ્રવણ પછી પણ અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થવા તે તો પરમ દુર્લભ છે.

સમ્યગ્દર્શન પછી પણ ચારિત્રની દુર્લભતા છે. સમ્યગ્દર્શન તો ચારે ગતિમાં થાય છે પણ છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતી વીતરાગી ચારિત્રદશા તો મનુષ્યગતિમાં જ થાય છે. માટે તેની દુર્લભતા છે એમ વર્ણવે છે.

मनुजगतौ अपि तपः मनुजगतौ महाव्रतं सकलम् ।
मनुजगतौ ध्यानं मनुजगतौ अपि निर्वाणम् ॥ २९९ ॥

અર્થ :—હે ભવ્ય જીવ! આ મનુષ્યગતિમાં જ તપનું આચરણ હોય છે, આ મનુષ્યગતિમાં જ સમસ્ત મહાવ્રત હોય છે, આ મનુષ્યગતિમાં જ ધર્મ શુક્લધ્યાન હોય છે તથા આ મનુષ્યગતિમાં જ નિર્વાણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ હોય છે. ૨૯૯.

જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરીને તેમાં લીન થવું ને ઇચ્છાની ઉત્પત્તિ જ ન થવી તેનું નામ તપ છે. બહારથી રોટલા છૂટે તે કાંઈ ખરેખર તપ નથી. જુઓ, હું શુદ્ધ જ્ઞાનમૂર્તિ છું, દેહથી ભિન્ન ને રાગથી પાર છું એવું સમ્યક્ ભાન તો તિર્યંચ અને નારકીને પણ થાય છે. સ્વર્ગના દેવોને પણ થાય છે. પણ વિશેષ ચારિત્રદશા તો મનુષ્યગતિમાં જ થાય છે. તિર્યંચમાં પાંચમું ગુણસ્થાન હોય, પણ ત્યાં મુનિદશા ન હોય. દેહની ક્રિયા તો જડ છે તેમાં કાંઈ ચારિત્ર કે તપ નથી. અંદર રાગની વૃત્તિ ઊઠે તે પણ વિકાર છે તે ખરેખર તપ કે ચારિત્ર નથી. પણ દેહથી ને રાગથી પાર ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં વિશેષ લીનતા થતાં વીતરાગભાવ થાય છે તેનું નામ ચારિત્ર અને તપ છે. એવું ચારિત્ર ને તપ મનુષ્યગતિ સિવાય બીજે હોતું નથી માટે હે જીવ! આવી દુર્લભતા જાણીને તું આત્માની આરાધના કર! મનુષ્યપણું પામીને આવા રત્નત્રયની આરાધના કરે તેનું મનુષ્યપણું સફળ છે.

સમસ્ત મહાવ્રત મનુષ્યપણામાં જ હોય છે. અહો! મહાવ્રતધારી મુનિવરોને રોમ-રોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય છે. અંદર ચિદાનંદ સ્વરૂપમાં લીન થઈને ઘણી વીતરાગતા થઈ ગઈ છે; મનુષ્યપણામાં સમ્યગ્દર્શન પૂર્વકની આવી મુનિદશા પ્રાપ્ત કરવી તે જ સફળતા છે. વિષય-કષાયમાં ગૃદ્ધી થઈને કાળ ગુમાવે ને આત્માની દરકાર ન કરે તે તો મનુષ્યભવ હારી જાય છે. તેણે મનુષ્યભવની દુર્લભતા જાણી નથી. વળી ધર્મશુકલધ્યાન તથા મુક્તિ પણ આ મનુષ્યભવમાં જ થાય છે. માટે મનુષ્યપણામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મની આરાધના કરવી તે જ સફળતા છે.

જે જીવ ધર્મની દરકાર કરતો નથી ને વિષય-કષાયમાં જીવન ગૂમાવે છે તે જીવ ચિંતામણિ જેવો માનવભવ હારી જાય છે. એ વાત દૃષ્ટાંતથી કહે છે.

इति दुर्ल्लभं मनुजत्वं लब्ध्वा ये रमन्ते विषयेषु ।
ते लब्ध्वा दिव्यरत्नं भूतिनिमित्तं प्रज्वालयन्ति ॥ ३०० ॥

અર્થ:— એવું આ મનુષ્યપણું પામી જે ઇન્દ્રિયવિષયોમાં રમે છે તે દિવ્ય અમૂલ્ય રત્નને પામી, તેને ભસ્મને માટે દગ્ધ કરે છે. ૩૦૦.

બાજરો સડે નહિ તેને માટે તેમાં રાખ નાખવી હોય, ત્યાં રત્નને બાળીને તેની રાખ કરે તો તે મૂરખો કહેવાય. તેમ મહા મોંઘું મનુષ્યપણું અનંતકાળે મળ્યું તે રત્ન જેવું છે. જે જીવ વિષય-કષાય ખાતર તે મનુષ્યપણું ગૂમાવે છે ને આત્માનું ભાન કરતો નથી તે જીવ રાખને માટે રત્નને બાળે છે.

એક માણસ પાસે કિંમતી રત્નનો હાર હતો. તેને દોરાની જરૂર પડી તેથી દોરાને માટે રત્નનો હાર તોડી નાખ્યો, તેમ અહીં મનુષ્યભવ પામીને જે અજ્ઞાની જીવ ચૈતન્ય-રત્નને ઓળખતો નથી ને વિષયોમાં સુખ માનીને તેમાં જ રમે છે તે જીવ મનુષ્યપણું હારી જઈને અનંત સંસારમાં રખડે છે. મનુષ્યપણાની દુર્લભતા શા માટે વર્ણવી? કે ધર્મ સમજવા માટે. જો ધર્મ ન સમજે તો મનુષ્યપણું હારી જાય છે. અનંતવાર મનુષ્ય-પણું પામ્યો, પણ આત્માની દરકાર ન કરી તેથી પાછો સંસારમાં જ રખડયો. માટે સમજણ કરી લેવા જેવી છે. સતસમાગમે સાધુ-સંત પુરુષો પાસેથી ચૈતન્યસ્વભાવનું શ્રવણ કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. અહો! મનુષ્યપણાની આવી દુર્લભતા સમજીને તો ચૈતન્યને જ ધ્યેય બનાવવા જેવો છે. જેણે ચૈતન્યને ધ્યેય ન બનાવ્યો ને એકલા પરને જ ધ્યેય બનાવ્યું તે જીવ સ્વવિષયને ચૂકીને પરવિષયોમાં રમે છે, તે કેવો છે? કે રાખને માટે રત્નને બાળી નાખે છે. જુઓ, વિષયોને તો રાખની ઉપમા આપી, વિષયોમાં અજ્ઞાની સુખ માને છે પણ ચૈતન્યરત્નને તે જાણતો નથી. વિષયો તો રાખ જેવા છે ને આત્મા અમૂલ્ય ચિંતામણિરત્ન છે. મધદરિયે વહાણમાં બેઠો હોય ને ખીલાની જરૂર પડે ત્યાં વહાણનો ખીલો કાંઢે તો તે મૂર્ખ કહેવાય; તેમ મનુષ્યપણું તે તો સંસારના

મધદરિયે વહાણ મળ્યું છે, તેને વિષયભોગમાં ગૂમાવે અને આત્માની દરકાર ન કરે તો તે મૂઢ છે. અરે જીવ! આત્મા તરફ વલણ કર! આત્માનો મહિમા કરીને મનુષ્યપણાની સફળતા કર!

જુઓ, દેવો પણ "મનુષ્યપણું ક્યારે પામીએ" એવી ભાવના કરે છે. તે શા માટે? શું વિષયો માટે મનુષ્યપણાને ઇચ્છે છે? ના; દેવોને વિષય-ભોગો તો ઘણાં મળ્યા છે, પણ આત્માનું પૂર્ણ કલ્યાણ મનુષ્યપણામાં જ થાય છે, તેથી તેઓ મનુષ્યપણાની ભાવના કરે છે. અહો! આવું દુર્લભ મનુષ્યપણું પામીને, આત્માના કલ્યાણનો ઉપાય કરવો તે જ કર્તવ્ય છે.

આગળ કહે છે કે આ મનુષ્યપણામાં રત્નત્રયને પામી તેનો ઘણો આદર કરો:—

इति सर्वदुर्ल्लभदुर्ल्लभं दर्शनज्ञानं तथा चारित्रं च।
ज्ञात्वा च संसारे महादरं कुरुत त्रयाणां अपि ॥ ३०१ ॥

અર્થ:—આ બધું દુર્લભમાં પણ દુર્લભ જાણી તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર સંસારમાં દુર્લભથી પણ દુર્લભ જાણી, એ દર્શન-જ્ઞાન-ચારિત્રનો હે ભવ્ય-જીવો! તમે ઘણો આદર કરો! ૩૦૧.

અહો! સંસારમાં મનુષ્યપણું અને સત્‌સમાગમ વગેરે મહા દુર્લભ તો છે, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે તો દુર્લભથી પણ દુર્લભ છે. અરે, જીવો! આવું મનુષ્યપણું પામીને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખીને તેનો મહા આદર કરો; કુદેવ-કુગુરુનો આદર છોડો ને મહા પ્રયત્નપૂર્વક આદરથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવો. હે ભવ્ય જીવો! મનુષ્યપણું પામીને આત્માના સ્વભાવનો આદર કરો.

નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું દુર્લભ છે, તેમાંય પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, મનુષ્યપણું, દીર્ઘ આયુ, પંચેન્દ્રિયોની પૂર્ણતા, ઊંચું કુળ, ધર્મની બુદ્ધિ, સત્ સમાગમ —એ બધુંય મળવું દુર્લભ છે. છતાં તે અપૂર્વ નથી, તે તો પૂર્વે મળી ગયું છે. પણ આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવું તે "અપૂર્વ દુર્લભ છે." અનંતકાળના ભવ ભ્રમણથી ઊગરવાનું ટાણું આ મનુષ્યભવમાં છે. તેમાં જો આત્માની દરકાર કરી નહીં તો ફરી આવો અવસર મળવો મહા દુર્લભ છે. માટે આવી દુર્લભતા સમજીને આ મનુષ્યપણામાં ચૈતન્યસ્વભાવી આત્માના મહા આદરપૂર્વક પ્રયત્ન કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવી—એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે.

એ પ્રમાણે બોધિદુર્લભ અનુપ્રેક્ષા સમાપ્ત થઈ. [ક્રમશઃ]

卐

# ત્રૈલોક્ય-દુઃખહર પ્રભુ-ભક્તિ

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી માનતુંગ આચાર્યનું આ મહા અનુપમ કાવ્ય છે, જેનું નામ શ્રી ઋષભજિન સ્તુતિ અથવા ભક્તામર સ્તોત્ર કહેવાય છે. શ્રી આદિનાથ ભગવાન એટલે ઋષભદેવ પ્રભુ આ ચોવીશીના તીર્થંકરમાં પ્રથમ તીર્થંકર થઈ ગયા. આત્માનું સ્વરૂપ જાણી પૂર્વે ત્રીજે ભવે તીર્થંકરનામકર્મ ઉપાર્જ્યું હોય પછી દીક્ષા લઈ તીર્થંકર થાય. એ રીતે અનંતા તીર્થંકરો થયા છે. માનતુંગ આચાર્યે આ દિવ્ય અદ્‌ભુત સ્તુતિ બનાવી છે. જેમાં નિશ્ચય અધ્યાત્મ શૈલી પણ ગોઠવાઈ ગઈ છે. ઘણા જીવો આ સ્તુતિ સાંસારિક ફળની આશાએ કર્યા કરે છે તે નકામું છે. આજે ઋષભદેવ ભગવાનની ભક્તામર નામની સ્તુતિ કહેવાય છે. સ્તુતિકાર મહા પવિત્ર ભાવલિંગી સંત મુનિ હતા. નિરંતર આત્મિક આનંદમાં રમતા હતા. તેમને પણ છઠ્ઠા ગુણસ્થાનના કાળે ભક્તિનો વિકલ્પ આવે છે.

ભોજરાજાના વખતમાં માનતુંગ આચાર્ય થઈ ગયા. ભોજરાજ કાવ્યકળા અને વિદ્યાના બહુ પ્રેમી હતા. કાળિદાસ કવિ તેની મંડળીમાં મુખ્ય હતા, બહુ અભિમાની હતા. કાળિદાસ કવિએ કાળીદેવની આરાધના કરી હતી ને પુણ્યના લીધે પ્રસન્ન થઈ હતી ને કવિમાં અસાધારણ કાવ્યકળા હતી તેથી તેની વિદ્વતા ઘણી હતી. તે ગામમાં ધનંજય નામે જૈન કવિ સ્યાદ્‌વાદના પારંગત હતા. બ્રાહ્મણોનું માન રાજ્યમાં ઘણું હતું. ગામના શેઠ નાના છોકરાને લઈને રાજા પાસે ગયેલો. આ છોકરો નામમાળા શીખે છે તે કોણે બનાવી છે? એમ રાજાએ પૂછ્યું. શેઠના પુત્રને રાજ્યસભામાં પૂછતાં જણાવ્યું કે આ નામમાળા જૈન કવિ ધનંજયે બનાવેલ છે તે વખાણ કાળિદાસને ગમ્યા નહિ. વાણીયા વેપારી પાસે આ વિદ્યા હોય? એમ કાળિદાસને દ્વેષ થયો અને કહ્યું કે મારી બનાવેલ નામ-મંજરી છે તેમાંથી આ નામમાળા બનાવી છે. રાજાએ કાળિદાસની નામમંજરી મંગાવી તો ધનંજયની નામમાળા તો જુદી અને સ્વતંત્ર હતી. ધનંજય અને કાળિદાસ વચ્ચે શાસ્ત્રાર્થ થયો.

ધનંજય કવિ જીત્યા અને કાળિદાસનું હારવું થાય છે. તે કાળિદાસને ગોઠ્યું નહિ. તેથી આક્ષેપ કર્યો કે ધનંજય તો માનતુંગ પાસે ભણતો હતો માટે મારે ધનંજય પાસે ચર્ચા કરવી નથી, મારે તો માનતુંગ સાથે ચર્ચા કરવી છે. રાજાએ માનતુંગ આચાર્યને બોલાવ્યા પણ વિવાદને નહિ ઇચ્છતા હોવાથી મુનિ ન આવ્યા. ચાર વખત માણસ મોકલીને મુનિને બોલાવ્યા પણ મુનિ ન આવ્યા. તેથી પાંચમી વખત જઈને પકડી લાવ્યા. ઉપસર્ગ સમજી માનતુંગ આચાર્ય મૌન રહ્યા, સમતામાં રહ્યા, ઉપસર્ગ છે તેથી ઉપદેશ

ન હોય શકે. કાળિદાસે રાજાને કહ્યું કે આ તો મોટો મૂર્ખ છે. લોકો કહે છે છતાં બોલતા નથી માટે મૂઢ છે. માનતુંગ આચાર્ય પોતે સમતામાં મૌનપણે ઊભા રહ્યા. તેથી રાજાને ગુસ્સો આવ્યો અને બારણાંવાળી રૂમમાં તાળા મારીને મુનિને અંદર પૂર્યા. ત્રીજે દિવસે વિચાર આવ્યો કે અહો શી સ્થિતિ! પવિત્રતાનો આટલો વિરોધ! ઋષભનાથ ભગવાનની ઉત્કૃષ્ટ ભક્તિ સહિત ૪૮ શ્લોક બનાવ્યા. એક એક શ્લોક બોલતાં એક એક તાળા તૂટે છે ને મુનિ બહાર આવે છે. ઘણાં લોકો સંસારની અભિલાષાથી આ ભક્તામર સ્તોત્ર બોલે છે પણ તે યથાર્થ નથી. આચાર્યને તો સહજ ભક્તિનો ભાવ આવી ગયો હતો.

જૈનના ત્રણે સંપ્રદાયમાં હજારો સંખ્યામાં લોકો નિત્ય ભક્તામર સ્તોત્ર બોલે છે. મુનિરાજ ૪૮ શ્લોક બોલે છે, ૪૮ તાળા તૂટે છે ને મુનિ બહાર આવે છે. રાજાનું સિંહાસન કંપે છે તેથી કાળિદાસને પૂછે છે કે આમ કેમ? કાળિદાસ કાળીદેવીને બોલાવે છે. ત્યાં જ જૈનશાસનની ચક્રેશ્વરીદેવી કાળીદેવીને ઠપકો આપીને જવાનું કહે છે. ત્યાર પછી રાજા ને કાળીદાસ બધા ક્ષમા માગે છે.

આવા સ્તવનો જૈનશાસ્ત્રમાં ઘણાં આવે છે. શ્રી વાદિરાજસૂરિ મુનિએ એકીભાવના સ્તોત્ર બનાવેલ છે. મુનિના શરીરને કોઢ થયેલો. મુનિ ગામ બહાર રહેલાં. નગરના શેઠ તેમના ભક્ત હતા. કોઈએ રાજાને ફરિયાદ કરી કે આ તેમના કોઢિયા ગુરુને અહીં રાજસભામાં આવે છે અને અભડાવે છે. રાજાએ પૂછયું ને શેઠે કહ્યું કે ના, મારા ગુરુ કોઢિયા નથી. રાજાએ કહ્યું કે તેમને જોવા આવીશ. શેઠે ગભરાઈને મુનિને વાત કરી. મુનિરાજે નિર્ભય રહેવા કહ્યું અને એકીભાવ સ્તોત્ર બનાવ્યું. તેમાં કહે છે કે હે નાથ! હે પ્રભુ! આપ ત્રણ જ્ઞાન સહિત માતાના પેટમાં પધારો છો તે પહેલાં છ મહિના અગાઉ દેવીઓ માતાના શરીરને સ્વચ્છ અને સુંદર બનાવે છે અને નગરી સુવર્ણમય બનાવી શોભા બનાવે છે. હે પ્રભુ! તારી નગરી જેમ સુવર્ણમય થાય તેમ અંતરંગ અભેદ ભક્તિ સહિત તમારી ભક્તિ કરું છું, તમોને મારા હૃદયમાં સ્થાપું છું અને આ શરીર સોનાનું ન થાય એમ બને નહીં. એમ પૂર્ણ પવિત્રતાને યાદ કરી ભગવાનનું બહુમાન કરે છે. સ્તુતિ તો વિકલ્પનું નિમિત્ત છે. પૂર્વના પુણ્યના લીધે કોઢ મટી ગયો, રાજા પાસે ફરિયાદ કરનાર જૂઠો ન પડે તે ખાતર અંગૂઠા ઉપર જરા કોઢ રાખ્યો. પૂર્વના પુણ્યના લઈને શરીર નિરોગ અને રૂપાળું થાય છે. પ્રભુ મારે એક વીતરાગ સ્વભાવનો જ આદર છે. તારા ચરણકમલ અમારા હૃદયમાં બિરાજે અને આ શરીર કોઢવાળું ન હોય! રાજા જોશે ને પવિત્ર મુનિને કોઢી જોઈ રાજા ધર્મની નિંદા કરશે તેટલો વિકલ્પ ઉઠયો, સ્તુતિ કરતાં શરીર ફરી જાય છે. રાજા જોવા આવ્યા નિરોગ શરીર અને પવિત્ર દશા જોઈ રાજા મુનિને વંદન કરે છે. મુનિઓને આલોક કે પરલોકના કોઈ ભોગની ઇચ્છા નથી માત્ર શુભરાગ કાળે ભક્તિ કરે છે. શ્રી સમંતભદ્ર

આચાર્યે તીર્થંકર ભગવાનની ૨૪ સ્તુતિ કરી છે. ભસ્મક રોગ ઉગ્રરૂપે થયેલો. ગુરુએ ફરમાવ્યું કે તમે મુનિપદ છોડી રોગની શાંતિ થાય ત્યાં સુધી અવ્રત અવસ્થામાં રહો. પછી મહારાજા શિવકોટીના નગરમાં શિવમંદિરમાં ભોજનથી રોગ મટી જાય છે. રાજા તેમના દેવને નમસ્કાર કરવાનું કહે છે. તેઓ દૃઢ શ્રદ્ધાવાન હતા. તેમણે કહ્યું કે મારો નમસ્કાર વીતરાગદેવને જ હોય. રાગી દ્વેષીની પ્રતિમા મારું સ્તવન ઝીલી નહીં શકે પણ ફાટી જ જશે. નવતત્ત્વ સહિત પુણ્યનો વિશ્વાસ હતો. રાજાએ શિવપીંડીને સાંકળથી બાંધી છે જેથી ફાટે નહીં. સમંતભદ્રજીએ ૨૪ સ્તુતિ શરૂ કરી તેમાં ચંદ્રપ્રભુની સ્તુતિ થઈ ત્યાં શિવલીંગ ફાટે છે અને ચંદ્રપ્રભુની પ્રતિમા પ્રગટે છે. આવું જોગાનુજોગ બને છે.

હવે ભક્તામર શ્લોક ૧–૨ કહેવાય છે:—

ભક્તામરો ખચિત તાજ-મણિપ્રભાના
ઉદ્યોતકાર, હર પાપતમો જથાના;
આધારરૂપ ભવ-સાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદયુગે નમીને. ૧.

કીધી સ્તુતિ સકલ-શાસ્ત્રજ-તત્ત્વબોધે,
પામેલ બુદ્ધિપટુથી સુરલોકનાથે;
ત્રૈલોક ચિત્તહર ચારુ ઉદાર સ્તોત્રે,
હુંયે ખરે સ્તવીશ આદિ જિનેંદ્રને તે. ૨.

**નિશ્ચયથી સાધક અને સાધ્ય, ભક્તિ અને ભગવાનપણું પોતામાં જ છે.**

આ મહા કાવ્ય—સ્તોત્ર માનતુંગ આચાર્યે બનાવેલ છે. નિશ્ચયથી પોતે જ ભગવાન અને સાધકભાવ અપેક્ષા ભક્ત પણ પોતે જ છે. તુંગ એટલે ઉત્કૃષ્ટ, માન મેળવેલ છે. જેણે ઉત્કૃષ્ટ રસે ભાન સહિત ભક્તિ કરી છે તે જીવ પોતે ત્રણલોકનો નાથ તીર્થંકર થાશે, ઇન્દ્રોના મુગટ તેને નમશે. ભક્તામર એટલે દેવો જેમના ભક્ત છે. સૌધર્મ ઇન્દ્રને ૩૨ લાખ વિમાન છે. બીજા ઈશાન ઇન્દ્રને ૨૮ લાખ વિમાન છે એવા ઇન્દ્રો ભગવાનના પરમ ભક્ત છે. પૂર્વ ભવમાં પુણ્યનો નકાર કરી આત્મભાનની ભૂમિકામાં જે પુણ્ય બંધાણું તેના ફળમાં ૩૨ લાખ વિમાન વગેરે સંયોગ મળ્યા છે, તોપણ સમ્યક્ દૃષ્ટિ જીવને અને તે ઇન્દ્રોને ઇન્દ્રપદનું કે સંપદાનું માહાત્મ્ય નથી. ઋષભદેવ ભગવાન આ ચોવીશીમાં પ્રથમ તીર્થંકર છે. પ્રભુ! તારી પાસે સ્વપરપ્રકાશક જ્ઞાનજ્યોતિ પૂર્ણ પ્રગટી છે તેની મહાનતા છે. પુણ્યના લીધે ઋદ્ધિ મળે તેની કિંમત નથી, ઇન્દ્રોની ઘણી ઋદ્ધિ છે, છતાં તે મારું સ્વરૂપ નથી એમ માને. દેવોનું આયુષ્ય મનુષ્ય કરતાં અસંખ્ય-

ગણું મોટું હોય છે. એ સાગરોગમ વગેરેનું આયુષ્ય હોય છે. તે ઘણો લાંબો કાળ સ્વર્ગમાં રહે છે. તેથી તે દેવોને અમર કહેવાય છે. એવા અમર દેવો ભગવાનની ભક્તિ કરે છે. તેમનાં શરીરો ઘણાં તેજવાળા હોય છે. સાધારણ માણસ તેની કલ્પના કરી શકે નહિ. કાને મણિરત્નોના કુંડળ અને માથે મુગટ હોય છે એવા સ્વર્ગલોકના સ્વામી દેવો ભગવાનની ભક્તિ કરે છે.

તીર્થંકરના પુણ્ય અને પવિત્રતા અનુપમ અને ઉત્કૃષ્ટ છે.

હે પ્રભુ! અમને આત્માનું ભાન થયું છે. હવે અમારે અધૂરી દશા રહેશે નહિ. શુભ વિકલ્પ ઉઠયો તેથી ભક્તિ કરે છે. તેવો વિકલ્પ રાગ છે પણ અંતરમાં વીતરાગતારૂપ નિશ્ચય ભક્તિ સહિતનો રાગ છે. સ્વભાવમાં એકાગ્રતા પૂર્ણ થતાં સિદ્ધદશા પ્રાપ્ત કરશું એમ થતાં આઠે કર્મની ૧૪૮ પ્રકૃતિ છૂટી જશે. દેવો ભગવાનની સ્તુતિ કરે છે, વંદન કરે છે ત્યારે માથું અને મુગટ ઝુકે છે. જેના મુગટના મણિની પ્રભા દિવ્ય હોય છે એવા દેવોના પુણ્યનું માહાત્મ્ય નથી પણ ભગવાનની મહાન પવિત્રતાનું માહાત્મ્ય બતાવવા એ રીતે સ્તુતિ કરવામાં આવી છે. હે પ્રભુ! ઇન્દ્રોના મુગટની શોભા નથી કેમકે તે મુગટના મણિના પ્રકાશક તો તમે છો અર્થાત્ તીર્થંકરનાં શરીરનું તેજ ઉત્કૃષ્ટ છે. તેમના નખમાંથી જે પરમ ઉજ્જવલ કાન્તિદાર કિરણો ફૂટે છે તેનાથી ઇન્દ્રોના મુગટની પ્રભા ઢંકાઈ જાય છે. તીર્થંકર ભગવાનના પગના નખો એવા સુંદર હોય છે. જ્યાં મુગટ સહિત દેવો આપના પગમાં પડે છે, તેથી પગના નખની શોભાથી દેવોના મુગટ શોભે છે. નખના રજકણો એવા સુંદર પરિણમ્યા છે કે નખના કિરણોથી તે મુગટ શોભે છે. આપના પુણ્ય તો અચિંત્ય અનુપમ છે. તેની તો શી વાત પણ હે પ્રભુ! તારી પવિત્રતા પણ અતુલ અનુપમ છે. મુનિઓ ભક્તિ કરે છે કે આપે તો પૂર્ણ પવિત્રતાને અંતરમાં સાધી છે. પૂર્વ પુણ્યના લીધે તીર્થંકરનામકર્મ બંધાયેલ જેના લીધે જે શરીર મળ્યું તે બહુ સુંદર હોય છે. તીર્થંકરનું શરીર કામદેવના શરીરથી પણ ઘણું સુંદર હોય છે. શ્રી નેમીનાથ ભગવાન સંસાર દશામાં પણ મહાસુંદર શરીરવાળા હતા. હે નાથ! દેવોના ઇન્દ્રો તથા તેના મુગટને શોભિત કરનાર તમારા નખ છે તો તમારા શરીરની શી વાત? પવિત્રતા સાથે પુણ્ય કેવા હોય છે તે બતાવે છે.

ઉત્તમ પુરુષો સર્વજ્ઞ વીતરાગ દેવને નમે છે.

લગ્ન પ્રસંગે સધન તેમ જ નિર્ધન દરેક સ્રી વર્ગ તેની રુચિનાં ગાણાં ગાય છે. "થાળ ભર્યો રે છગ (છલકાતો) મોતીએ અને મારા ફલાણા ભાઈને આંગણે હાથી ઝૂલે છે." ત્યાં મોતીનો પ્રેમ ને લગ્નનો રાગ એ રીતે તેની ભક્તિ કરે છે. જ્યાં જેની રાગ ઉપર રુચિ અને રસ છે તેની ઊંચી વાત તેની ભાવનામાં ખડી થાય છે. તેમ અહીં ભગવાનની સ્તુતિની વાત કરે છે. પ્રભુ તારી પવિત્રતા શક્તિમાંથી વ્યક્ત થઈ તે કેવળ-

જ્ઞાનની લક્ષ્મીની તો શી વાત કરવી પણ તૃણ જેવા પુણ્ય પાકયા તેના લીધે તારા નખની શોભાથી દેવોના મસ્તક–મુગટ શોભે છે. તારી પાસે ન નમીએ તો કોની પાસે નમીએ? બીજાનો સ્વપ્નામાં પણ આદર કે આશ્રય નથી. નિશ્ચયથી નમવાનું અંતરમાં છે.

હવે બીજી વાત કરે છે પ્રભુ! આપની પ્રત્યે મારી ભક્તિ પ્રેમનો ઉછાળો એવો છે કે તે ભક્તિ પાપનો નાશ કરે છે. આપના પદકમળની ભક્તિથી પાપ ભાંગીને ભૂકો થાય છે. આપ સર્વજ્ઞ પરમાત્મા છો, પૂર્ણ છો, દેહ છૂટયા પછી સાદી અનંત સિદ્ધ દશા થાય છે. હે પ્રભુ! આપના ચરણકમલ ભક્તોને પાપના વિસ્તારનો નાશ કરવામાં જ નિમિત્ત છે. શુભરાગ ઉઠેલ છે તેથી અશુભનું બંધન નથી, શુદ્ધતાના ભાનમાં વિશેષ છૂટતો જાય છે.

**સર્વજ્ઞ ભગવાન પવિત્રતામાં અને પુણ્યમાં નિમિત્ત છે.**

તમારી ભક્તિના ભાવથી પાપભાવનો નાશ થાય છે. સંસારવેલડીનો વંશવેલો ચાલતો નથી. આપને ચૈતન્ય ચમત્કાર–પૂર્ણ દશા પ્રગટી છે. હે નાથ! આપ પ્રથમ ગુરુ છો. અઢાર કોડા–કોડી સાગર સુધી ભરતક્ષેત્રમાં જુગલીઆ મનુષ્ય હતા ત્યારે મુનિધર્મ ન હતો તે પછી આપ પહેલાં ધર્મયુગના પ્રવર્તક પ્રથમ તીર્થંકર છો. આપે આદ્ય ધર્મ સ્થાપ્યો છે. અમો ધર્મના સાધક છીએ. આપની સ્તુતિથી પાપનો વંશ નાશ પામે છે. અત્યાર સુધી સંસારની લાળ ચાલી પણ હવે ચાલશે નહીં. ઋષભદેવ ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. ભગવાન જ્યારે રાજસભામાં બેઠા હતા ત્યાં નિલાંજના નૃત્ય કરતી હતી તેનું આયુ પૂર્ણ થતાં તેનું શરીર વિલય થઈ જાય છે અને ઇન્દ્રે તેના સ્થાને બીજી દેવી ગોઠવી.

ભગવાનને ખ્યાલ આવ્યો કે અહો! વૈરાગ્ય પામવા જેવી વાત છે. ત્યાં જ જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી ગૃહત્યાગી થઈ નગ્ન દિગંબર દશાધારી નિર્ગ્રંથ મુનિ થયા. પછી કેવળજ્ઞાની પરમાત્મા થયા. ધર્મદેશના દીધી. હે નાથ! ધર્મના યુગની શરૂઆતમાં આપ જ છે.

આપની દિવ્યધ્વનિ છૂટી અને ઘણાં મુનિ થયા અને ઘણાં સમ્યગ્દષ્ટિ થયા અને જેની લાયકાત ન હતી તેમણે મોક્ષમાર્ગનો વિરોધ કર્યો. નરકાદિ ગતિની શરૂઆત થઈ. તે અગાઉ બધા સ્વર્ગમાં જતાં હતાં પણ જ્યાં પૂર્ણ અવિરોધી પવિત્રતાની જાહેરાત થઈ ત્યાં તેનો વિરોધ કરનારા પણ પાપમાં સાવધાન થયા. પણ ભગવાન તેની પાપગતિમાં નિમિત્તરૂપે નથી. ભગવાન તો ધર્મની આદિમાં છે માટે હે પ્રભુ! આપના પદ કમલ મિથ્યાત્વાદિ પાપનો નાશ કરનાર છે.

આપનો ઉપદેશ અગાધ ભવજલથી તરવા માટે છે. ચક્રવર્તી હો, મનુષ્ય હો, રાગી, વિરાગી, સધન–નિર્ધન બધાને ભવસમુદ્રથી તરવામાં આપ જ કારણ છો, ભવ્ય જીવોને

તારવામાં આપનો સહારો છે. આપ જ્ઞાયકસ્વરૂપ છો. પૂર્ણાનંદસ્વરૂપ છો. આપનું શરણ લ્યે તેને સંસાર રહે જ નહીં. અમો સ્તુતિ કરીએ છીએ હે નાથ! આત્માની શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન રમણતારૂપ રત્નત્રય આપને પૂર્ણ થયા છે. આપના ઉપદેશમાં આત્મહિતની યથાર્થ વાત નીકળી છે.

કેટલાક જીવો ભક્તામર સ્તોત્ર પૈસાની ઇચ્છાથી ગાય છે અને પછી દુકાનો ઉઘાડે છે. ભગવાનની ભક્તિથી પૈસા મળે ને સુખી થાય એમ માને છે તેઓ ભક્તામર સ્તોત્રના ભાવને માનતા નથી. દેવો પોતાના મહાન પુણ્યનો આદર કરતા નથી તો પછી આ લોકના તુચ્છ પુણ્યનો આદર પણ કરવા જેવો નથી. મૂઢ જીવ શરીરનો દ્રવ્યરોગ ટાળવા માંગે છે પણ તેનાથી ભેદજ્ઞાન કરી સમ્યગ્જ્ઞાન વડે રાગ-દ્વેષ અજ્ઞાનરૂપ ભાવરોગ ટાળવા જેવો છે. હે નાથ! આપનાં ચરણકમલ ભવસમુદ્રરૂપી અગાધ જલમાં પડતાં ભવ્ય જનોને તારવામાં જ આધાર છે. જેમ મેડી ઉપર ચડતાં હાથમાં દોરડું પકડેલું હોય તો પડે નહીં તેમ અમોને આત્માનું યથાર્થ ભાન તો છે પણ શુભરાગ વખતે આપનું જ આલંબન છે. સંસારનું શરીરનું કે ભોગનું આલંબન કયારેય પણ નથી.

**સાચો ભક્ત આમ સમજીને સમ્યક્ પ્રકારે નમન કરે છે.**

શ્રદ્ધા, જ્ઞાનપૂર્વક નમન કરે છે તેને નિશ્ચય-વ્યવહારનો વિવેક હોય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવા ભાનપૂર્વક નમસ્કાર કરે છે. હે પ્રભુ! દેવો આપની સ્તુતિ કરે છે. તે દેવોમાં કોઈ દેવને શ્રુતકેવળી જેવું બાર અંગનું શ્રુતજ્ઞાન હોય છે. તેઓ ચતુર છે તેઓએ પણ ભક્તિની રેલમ-છેલમ મચાવી દીધી છે. ભગવાનના જન્મ વખતે દેવો ભક્તિ કરે છે કે હે નાથ! આપ તરી ગયા, કૃતકૃત્ય થઈ ગયા.

હે નાથ! અજ્ઞાની જનો તો કહે છે કે ઇશ્વર જીવરૂપી સૃષ્ટિને કરે છે. સંસારમાં અવતાર ધારે છે પણ નાથ તારો અવતાર કેવો! તારો છેલ્લો અવતાર તીર્થંકરપણે થયો અને સંસારમાં રખડનારની સંખ્યા ઘટી જાય. સંસારમાં જીવોનો વધારો કરે તેને લોકો જગદીશ કહે છે. પણ આપના જન્મવાથી સંસારી જીવો મોક્ષમાર્ગમાં ગમન કરીને ભવ-બંધનથી સદાને માટે મુક્ત થઈ જાય છે. એટલે લોકો ઘટી જાય છે. અહો! એવો તમારો અવતાર છે. આપ પૂર્ણ પદ પામ્યાં અને દિવ્યધ્વનિ છૂટે ત્યાં સંસારમાં જીવો ઓછા થાય છે. સંસારના જીવો વધારવાને બદલે આપ ઘટાડો છો. જે દેવો બાર અંગના જાણનાર છે તે પૂર્ણ શ્રુતજ્ઞાની છે. એવા દેવો આપની સ્તુતિ અને ગુણગાન ગાય છે. આપના જન્મ વખતે બાળકની જેમ ગાણા ગાય છે. આપની સ્તુતિ કરનારા મૂર્ખ નથી પણ બાર અંગના વિશાળ જ્ઞાનધારી પણ આવી ભક્તિ કરે છે. સર્વજ્ઞ વીતરાગ ન થાય ત્યાં સુધી ભગવાનની ભક્તિનો શુભરાગ આવે છે.

નિર્મળ બુદ્ધિ પ્રગટી છે એવા ચતુર ઇન્દ્રોએ પણ આપની ભક્તિની રેલમ-છેલમ

કરી છે. શકેન્દ્ર પણ એકાવતારી છે. મનુષ્ય થઈ મુક્તિદશાને પામશે. તેમને પણ પ્રભુ પાસે પોતાની લઘુતા નમ્રતા ભાસે છે ને ઉત્કૃષ્ટ વિનય લાવીને ભક્તિ કરે છે.

પૂર્ણ વીતરાગીને કોઈની ભક્તિ ન હોય અને મિથ્યાદૃષ્ટિને ભક્તિ ન હોય. કોઈ પ્રશ્ન કરે કે સમ્યગ્દર્શન થયા પછી વળી ભગવાનની પૂજા અને ભક્તિ કેવી? તેને કહે છે કે ત્રણલોકના સ્વામી ઇન્દ્રો પણ સ્તુતિ, ભક્તિ, પૂજા કરે છે. ૧૦૦૮ નામ લઈને ઉત્તમ પ્રકારે સ્તુતિ કરે છે. પૂર્ણ ચિદાનંદસ્વરૂપનું ૧૦૦૮ નામથી પૂરું વર્ણન થાય તેમ નથી માટે નિજ ચૈતન્યસ્વરૂપમાં ઠર્યે જ છૂટકો છે. એમ પ્રથમથી જ નિર્ણય વર્તે છે એવા જ્ઞાનીઓની યથાર્થ ભક્તિ હોય છે.

વળી કેવી છે સ્તુતિ? મહાચતુર બુદ્ધિવંત એવા દેવાંગનાઓના ચંચળ ચિત્ત સ્થંભી જાય છે. બાર અંગના જાણનાર પણ સ્તુતિ કરે છે. તે સ્તુતિ ત્રણલોકના જીવોના કલેશમય ચિત્તને હરી લ્યે છે. ત્રણલોકના જીવોને આવી ભક્તિથી પ્રસન્નતા ઊપજે છે. ઇન્દ્રો ભક્તિ કરે વીણા વગાડે ત્યાં જ ચિત્ત પ્રસન્નતા વડે થંભી જાય છે. ધર્માત્મા જ્યાં ત્યાં વીતરાગ ભગવાનનો મહિમા જ જુએ છે.

હરણીયાનું ચિહ્ન ચંદ્રમાં જોઈને કહે છે કે હે નાથ! એ ચંદ્રમાં ઉપર કલંક ડાઘ નથી પણ સ્વર્ગના દેવો આપના ગુણગ્રામ ગાય છે તે સંગીતમય ગુણગ્રામ સાંભળવા અત્રેથી હરણીયું ત્યાં ગયું છે. અમે તો જ્યાં નજર પડે ત્યાં આપની જ પવિત્ર ભક્તિ દેખીએ છીએ. હે નાથ! ઇન્દ્રોની ભક્તિ ત્રણલોકને રંજાયમાન કરે છે તો પછી તે ભક્તિ કોણ પસંદ ન કરે? બધા કરે જ.

[ ક્રમશઃ ]

—❀—

## 卐 પોતાના આત્માને ઓળખવો 卐

પુદ્‌ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્‌ગલમાં ને તારા દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં;—તું તેને કરી શકતો નથી ને તે તેને કંઈ કરી શકતું નથી. પરદ્રવ્યનાં ને પોતાના દ્રવ્ય–કાળ–ભાવ જુદાં છે, બધું જુદું છે. પોતાનું અસ્તિત્વ પોતામાં છે ને બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના ચૈતન્ય–અસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો; તે જ કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને જે સુખ લાગે છે તે સુખબુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખનિધાન એવા પોતાના આત્માને ઓળખવો. —પૂજ્ય બહેનશ્રી

ભારતવર્ષની મહાનગરી મુંબઈના મલાડ ઉપનગરમાં સુસમ્પન્ન

# પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો

# શ્રી દિગમ્બર જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

[ તા. ૩૦-૪-૯૦ થી તા. ૭-૫-૯૦ ]

## * જન્મશતાબ્દી-સમાપન તેમ જ પ્રતિષ્ઠા *

ભારતવર્ષની વિશ્વપ્રસિદ્ધ મહાનગરી મુંબઈના મલાડ ઉપનગરમાં શ્રી ઉપનગર (મલાડ) દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ દ્વારા 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-ઉદ્યાપન અંતર્ગત નિર્માપિત-પૂજ્ય ગુરુદેવની મંગલ ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત પોતાના શ્રી ઋષભદેવ દિગમ્બર જિનમંદિરની ઉપર — શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય, સામાન્યકેવળી શ્રી ભરતેશ્વર તથા વીતરાગ મુનીન્દ્ર શ્રી બાહુબલિ ભગવાનની પ્રતિષ્ઠા નિમિત્તે — 'કહાનગુરુ-જન્મશતાબ્દી-સમાપન'ના ઉપલક્ષમાં તા. ૩૦-૪-૯૦ થી તા. ૭-૫-૯૦ — આઠ દિવસ સુધી શ્રી પંચકલ્યાણક-પ્રતિષ્ઠાવિધાનનો ભવ્ય સમારોહ અત્યાન્હોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો. સોનગઢ, રાજકોટ, ભાવનગર, વઢવાણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, જામનગર, આદિ સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક શહેર અને ખંડવા, ઈન્દૌર, સનાવદ, દિલ્હી, બટેશ્વર, ભોપાલ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, હૈદરાબાદ, નાગપુર આદિ ભિન્ન ગુજરાતી શહેરોથી તેમ જ મુંબઈ અને તેના અનેક પરામાંથી પધારેલા લગભગ પાંચ હજારથી અધિક મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો લાભ નિયમિત લેતા હતા.

## * પ્રતિષ્ઠા-મહોત્સવનો મનોજ્ઞ કાર્યક્રમ *

આ મંગલ પ્રતિષ્ઠોત્સવમાં વિધિનાયક હતા બાવીશમાં તીર્થંકર કુમારબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન, વિધિ-અધ્યક્ષ હતા શાસનનાયક બાલબ્રહ્મચારી શ્રી મહાવીર ભગવાન. પ્રતિદિન પ્રાતઃ પ્રાયઃ ૮ થી ૯ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન, સાંજે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડિયો-ધર્મચર્ચા તથા બપોરે તેમ જ સાંજે સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન તો થતા જ હતા; તદુપરાંત પ્રતિષ્ઠાવિધિનો મંગલ કાર્યક્રમ આ પ્રમાણે હતો :—

તા. ૩૦-૪-૯૦ના રોજ — પ્રતિષ્ઠાવિધિના ક્રમાનુસાર શાંતિજાપપ્રારંભ, પ્રતિષ્ઠામંડપ શુદ્ધિ, જેની સાક્ષીમાં — મંગલવર્ધક આશ્રયમાં — આ જિનબિમ્બોત્સવ સુસમ્પન્ન કરવામાં આવ્યો તે વિધિ-અધ્યક્ષ શ્રી મહાવીર ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિમ્બને વિશાળ શોભાયાત્રા પૂર્વક ભવ્ય પ્રતિષ્ઠાવેદીમાં બિરાજમાન કરવાની મંગલવિધિ, નાંદીવિધાન, અખંડદીપ-પ્રદીપન, મંગલ ધર્મધ્વજારોહણ, પંચપરમેષ્ઠિમંડલવિધાન પૂજા; તા. ૧-૫-૯૦ના રોજ — પ્રાતઃ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-સમારોહ બાદ આચાર્ય-અનુજ્ઞા (પૂજ્ય ગુરુદેવશ્રીના

ભવ્ય ચિત્રપટની સમક્ષ), ઈન્દ્રપ્રતિષ્ઠા, ઈન્દ્ર-શોભાયાત્રા, રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ (બાળકો દ્વારા ધાર્મિક નાટક); તા. ૨-૫-૯૦ના રોજ — પ્રાત: દેવ-શાસ્ત્ર-ગુરુપૂજા તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન પછી પ્રતિષ્ઠાવિધાનમાં આવશ્યક એવી (ઈન્દ્રો દ્વારા સમ્પન્ન થનારી) શ્રી વસુબિન્દુ (જયસેન) આચાર્યદેવ પ્રણિત સંસ્કૃત-પદ્યમય 'શ્રી યાગમંડળ પૂજા', બપોરે જળયાત્રા, સાંજે વેદી-મંદિર-કળશ-ધ્વજ શુદ્ધિ અને રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા (અહમિન્દ્રસભા, ઈન્દ્રસભા તેમ જ સમુદ્રવિજય મહારાજની રાજ્યસભા; અહા! આ મનોહારી સભાઓના ભવ્ય દૃશ્ય તો અતીવ મનમોહક હતા. 'જયંત' નામક અનુત્તર-વિમાનવાસી અહમિન્દ્ર (નેમિનાથના પૂર્વભવ) ઉગ્ર સંયમ સાધના માટે દુર્લભ મનુષ્યપર્યાયની શીઘ્ર પ્રાપ્તિ માટે તડપતા હતા. ઇન્દ્રસભા સ્વાનુભવ પ્રમુખ અધ્યાત્મ-તત્ત્વજ્ઞાન તેમ જ તીર્થંકર મહિમાના સુમધુર વાર્તાલાપથી પ્રેક્ષકોના હૃદયને પ્રમુદિત કરતી હતી. શ્રી સમુદ્રવિજય મહારાજની રાજ્યસભામાં વિભિન્ન રાજાઓ દ્વારા કરવામાં આવેલી જિનેન્દ્રમહિમાસભર અધ્યાત્મતત્ત્વચર્ચા. મહારાણી શિવાદેવીની તેમની સેવામાં ઇન્દ્ર દ્વારા નિયુક્ત કરવામાં આવેલી શ્રી હ્રી ધૃતિ આદિ આઠ કુમારિકાદેવીઓ સાથે અધ્યાત્મરસપૂર્ણ મનોહર ભાવગોષ્ઠી અને જિનેન્દ્રભક્તિમય તેમ જ આહ્લાદકારી અનુપમ વાતાવરણ ખરેખર અતીવ અદ્ભુત હતું. તા. ૩-૫-૯૦ના રોજ — પ્રાત: સ્વપ્નદર્શન, ગર્ભકલ્યાણક, સ્વપ્નફળદર્શન અને રાત્રે ગર્ભકલ્યાણકની બાકીની વિધિ (શ્રી હ્રી આદિ દેવીઓ દ્વારા માતાને સ્વાનુભવના વિષયમાં અધ્યાત્મપ્રશ્ન, રુચકદ્વીપની ૫૬ કુમારિકા દેવીઓ દ્વારા માતાની સેવાભક્તિ). તા. ૪-૫-૯૦ના રોજ — પ્રાત: જન્મકલ્યાણક (રાજસભા, ઇન્દ્રસભા). જન્માભિષેક માટે ભવ્ય શોભાયાત્રા, સુમેરુપર્વત પાંડુક વનમાં ઇશાન ખૂણામાં સ્થિત પાંડુકશિલા પર ભવ્ય જન્માભિષેક, શ્રી સમુદ્રવિજય મહારાજાના મહેલમાં ઇન્દ્ર દ્વારા તાંડવ નૃત્ય, બપોરે પારણાઝૂલન, રાત્રે સમુદ્રવિજય મહારાજાના દરબારમાં વાસુદેવ દ્વારા નેમિકુમારના લગ્નનો પ્રસ્તાવ, લગ્નોત્સવમાં આવેલા અનેક દેશોના રાજાઓ દ્વારા શ્રી નેમિકુમારને લગ્નની ભેટ. તા. ૫-૫-૯૦ના રોજ — પ્રાત: યુવરાજ શ્રી નેમિકુમારની ભવ્ય લગ્નયાત્રા, નિર્દોષ પશુઓનો આક્રંદ સાંભળીને કરુણાર્દ્ર નેમિનાથનો રથસારથી સાથે તદ્વિષય વાર્તાલાપ, અવધિજ્ઞાન વડે વાસુદેવનો માયા-પ્રપંચ જાણીને નેમિકુમારનો સંસારથી વૈરાગ્ય, જૈનેશ્વરી દીક્ષા માટે વનપ્રયાણ, દીક્ષાગ્રહણવિધિ, સંયમની ભાવના (અપૂર્વ અવસર એવો ક્યારે આવશે) ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન, બપોરે અંકન્યાસવિધિ તેમ જ મંત્રસંસ્કાર, સાંજે નેમિમુનિવરભક્તિ, રાત્રે નેમિનાથ-પૂર્વભવ-ચિત્રદર્શન તેમ જ મલાડ યુવાવર્ગ દ્વારા સાંસ્કૃતિકાર્યક્રમ. તા. ૬-૫-૯૦ના રોજ — સવારે પૂજા તેમ જ ટેપ-પ્રવચન બાદ શ્રી નેમીશ મુનિવરને આહારદાન, બપોરે ક્ષપકશ્રેણિ-આરોહણના મંત્ર-સંસ્કાર (તિલકદાનવિધિ, અધિવાસના, સ્વસ્ત્યયાનત, શ્રી મુખોદ્ઘાટન, નયનોન્મીલન ક્રિયા, સૂરિમાત્ર), કેવળજ્ઞાનકલ્યાણક, સમવસરણરચના,

કેવળજ્ઞાનકલ્યાણકપૂજા, જિનવર વિહાર તેમ જ દેશના ( પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન ), રાત્રે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ. તા ૭-૫-૯૦ના રોજ — પ્રાત: નિર્વાણકલ્યાણક સમારોપણ નિમિત્તે નિર્વાણભક્તિ, ભવ્ય શોભાયાત્રા પૂર્વક નવપ્રતિષ્ઠિત જિનબિંબોની ( જિનાલયની વેદીમાં બિરાજમાન કરવા માટે ) મંગલ આનયનવિધિ, પ્રતિષ્ઠાવિધિ પહેલાં ભક્તિપાઠ, વેદીમાં શ્રી જિનબિંબપ્રતિષ્ઠા, કલશધ્વજારોહણ, જિનવાણી સ્થાપના, પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂની તથા ભગવત કુંદકુંદાચાર્યદેવ પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના વિશાળ ભવ્ય ચિત્રપટની અનાવરણવિધિ, બપોરે શાંતિયજ્ઞ, સાંજે પ્રતિષ્ઠા-સમાપનરથયાત્રા, જિનમંદિરમાં જિનવર-આરતી તેમ જ ભક્તિ.

— આ રીતે વસુબિન્દુ-પ્રતિષ્ઠાપાઠ તેમ જ પ્રતિષ્ઠાસારસંગ્રહના આધારે એકદમ શુદ્ધામ્નાયાનુસાર કરાવવામાં આવેલી આ મંગલ પ્રતિષ્ઠાની સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલભાઈ જોબાળિયા ( સોનગઢ ) તેમ જ વઢવાણ નિવાસી આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે કરાવી હતી, બન્ને બ્રહ્મચારી ભાઈઓએ ભક્તિભાવથી સહૃદય પરિશ્રમ લઈને પ્રતિષ્ઠાની સંપૂર્ણ તેમ જ શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ જે કૌશલ્ય, સતર્કતા અને રોચક પદ્ધતિથી કરાવી તે જોઈને અનેક હિન્દી-ગુજરાતી મુમુક્ષુ મહાનુભાવ પોતાનો પ્રમોદ વ્યક્ત કરતા હતા અને કહેતા હતા કે પંચકલ્યાણક પ્રતિષ્ઠાનું આવું સરળ, સુગમ તેમ જ ભાવવાહી વિધાન અમે પ્રથમ વાર જ જોયું. તેઓની પ્રસન્નતાનું કારણ એ હતું કે પ્રત્યેક વિધિના પ્રારંભમાં તેનો ભાવ સંક્ષેપમાં સમજાવવામાં આવતો હતો. બધા વિધિવિધાન શાંતિથી અને પ્રાય: નિશ્ચિત સમયાવધિમાં પૂરા થઈ જતા હતા. આ મંગલ પ્રતિષ્ઠોત્સવમાં વિધિની સ્પષ્ટતાની સાથોસાથ સ્વાનુભાવપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તેમ જ હાર્દિક જિનેન્દ્ર-ભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓના ચિત્તને પ્રફુલ્લિત કરતો હતો.

એક વર્ષ સુધી ઉજવવામાં આવેલ 'શ્રી કહાનગુરુ-જન્મશતાબ્દી'ના અંતર્ગત ઉજવાયેલ વિભિન્ન શહેરોના જિનેન્દ્રધર્મપ્રભાવક અનેક આયોજનોમાં સહયોગ આપવાના કાર્યમાં વ્યક્ત હોવા છતાં પણ સ્વલ્પ સમયમેં આ મનોજ્ઞ પંચમેરુ-નંદીશ્વરજિનાલયના નિર્માણ તેમ જ તેની પંચકલ્યાણક-પુર:સર પાવન પ્રતિષ્ઠાના ભગીરથ કાર્યને પૂર્ણ કરવામાં સમગ્ર ઉપનગર (મલાડ) મુમુક્ષુમંડળે ભક્તિ ને ઉલ્લાસભર્યો ઘણો સહયોગ આપ્યો હતો. મુખ્ય કાર્યકરોએ તે દિનરાત એક કર્યા! બધા કાર્યકર ટ્રસ્ટી શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી તેમ જ પ્રમુખ શ્રી નગીનદાસ હિમ્મતલાલ ડગલીના માર્ગદર્શન તેમ જ નિર્દેશ અનુસાર સતર્કતાથી આ મંગલ કાર્યમાં પોતાના વ્યાપાર આદિ કાર્યની ઉપેક્ષા કરીને તન-મન-ધનથી જોડાઈ ગયા હતા. ખરેખર તો પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય ભગવતી માતા પ્રત્યેની ભક્તિભાવભીની સમર્પણતાજનિત તેઓની એકતાએ જ આ ભગીરથ કાર્યને

સાકાર કરેલ છે. પૂજ્ય ગુરુદેવના પ્રભાવનોદયથી આ પ્રતિષ્ઠોત્સવના અવસરે વિભિન્ન ઉછામણીમાં તેમ જ પ્રતિષ્ઠાફંડમાં મુમુક્ષુઓની સ્વયંસ્ફુરિત ભાવનાથી 'શ્રી' ની વર્ષા થતી હતી. આ ઉત્સવમાં શ્રી ઉપનગર (મલાડ) મુમુક્ષુ મંડળને રૂપિયા તીસ લાખની આવક થઈ હતી.

આ મંગલ મહોત્સવને સાકાર કરવામાં જો કે બધાના ભક્તિભીના તન–મન જોડાઈ ગયા હતા તોપણ તેની આશ્ચર્યકારી સફળતાનો મૂળ આધાર તો આપણા તારણહાર પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવ તેમ જ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો પવિત્ર પ્રભાવનોદય જ છે. વીતરાગ દેવ–ગુરુની સાતિશય મહિમા દર્શાવનારી આપણી ભગવતીમાતાની કલ્યાણવર્ધિની તેમ જ મંગલવર્ષિણી આશિષછાયામાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયેલ આ મહોત્સવની અસાધારણ સફળતાને જોઈને મુમુક્ષુ સમાજ ભક્તિભાવ તેમ જ પ્રસન્નતાથી દ્રવિત થઈ જતો હતો. અનેક મુમુક્ષુઓના ચિત્તમાં, પ્રતિષ્ઠોત્સવની આનંદજનની વિશેષતાઓ જોઈને, નીચેનો પદ્યાંશ વારંવાર સ્મરણમાં આવતો હતો :—

કલ્યાણકાલ પ્રત્યક્ષ પ્રભુકો લખે જે સુરનર ઘને,
તિહ સમયકી આનંદમહિમા કહત ક્યોં મુખસોં બને!

—o—

બહેનશ્રી ચંપાબેનના જન્મધામ વઢવાણમાં સુસંપન્ન

## * શ્રી સિદ્ધચક્ર–વિધાનપૂજા *

સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સમાધિપૂર્વક મહાપ્રયાણના ઉપલક્ષમાં, તેમને વિરહવેદનાભરી ભક્તિભીની શ્રદ્ધાંજલિ અર્પવાની ભાવનાથી, અષાઢી–નંદીશ્વર–અષ્ટાહ્નિકામાં પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણ શહેરમાં શ્રી દિ૦ જૈન મુમુક્ષુમંડળે શ્રી સિદ્ધચક્ર-વિધાનપૂજાનું આયોજન કર્યું હતું. શ્રી સિદ્ધચક્રની પૂજા ઉપરાંત 'બહેનશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ, શાંતિજાપ અને શાંતિયજ્ઞ વગેરે વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બ્ર૦ શ્રી વ્રજલાલભાઈ શાહે, અર્થની સમજૂતી સહિત, પૂજાની સમગ્ર વિધિ સુંદર કરાવી હતી અને શાસ્ત્રપ્રવચન પણ આપ્યાં હતાં, જેથી મુમુક્ષુઓને સારો લાભ મળ્યો હતો. આ પ્રસંગ નિમિત્તે મંડળે 'જીવદયા-ફંડ' પણ કરેલ છે.

પ્રેષક :—
શ્રી વઢવાણ યુવકમંડળ

(તા. ૧૦-૭-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

જેમના મંગલમય તેમ જ કલ્યાણકારી અભ્યુદયથી આ શતાબ્દી 'અધ્યાત્મયુગ' ના રૂપમાં પ્રસિદ્ધ થઈ તે આપણા સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચા આદિની ઓડિયો-ટેપ, જિનેન્દ્ર-દર્શન-પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકાર પર (૧૫મી વખતનું) ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાય સંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ બપોરે શ્રી પ્રવચનસાર-ચરણાનુયોગ ચૂલિકા પર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ. પૂજ્ય બહેનશ્રીના સાધનારૂમમાં સ્તુતિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પર ટેપ પ્રવચન — ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

❋

## વૈરાગ્ય સમાચાર :—

* સરારનિવાસી શ્રી જડાવબહેન મંગળભાઇ જૈન (વર્ષ-૭૪) તા. ૨૫-૨-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી મહેન્દ્રકુમાર (બટુકભાઇ) ચીમનલાલ દોશીના ધર્મપત્ની નલીનીબેન (વર્ષ-૫૯) તા. ૪-૬-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચૂડાનિવાસી સ્વ. ગોસલીયા પ્રેમચંદભાઇ ઓઘડભાઇના ધર્મપત્ની મરઘાબેન (વર્ષ-૮૫) તા. ૧૩-૬-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી ડો. સુંદરલાલ મોહનલાલ શાહ (વર્ષ-૮૨) તા. ૧૮-૬-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી (હાલ ઘાટકોપર) શ્રી મનમોહનદાસ છોટાલાલ ગાંધી (વર્ષ-૬૧) તા. ૨૫-૬-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પાલિતાણાનિવાસી મહાવીર સ્ટુડિયોવાળા ફોટોગ્રાફર શ્રી કાંતિલાલ હીરાચંદ શાહ (વર્ષ-૭૨) તા. ૭-૯-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

— સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અતંત્ય ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

❋

## * આગમ મહાસાગરનાં અણુમોલાં રત્નો *

* હે દેવ! મને તારી ચિંતા છે. જ્યારે આ મધ્યાહ્નનો પ્રસાર વીતી જશે ત્યારે તું તો પોઢી જઈશ, ને આ પાલી સૂની પડી રહેશે. (આત્મા છે ત્યાં સુધી આ ઇંદ્રિયોની નગરી વસેલી લાગે છે; આત્મા ચાલ્યો જતાં તે બધું સૂનકાર ઉજ્જડ થઈ જાય છે;–માટે વિષયોથી વિમુખ થઈને આત્માને સાધી લે.) ૨૨૪. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૧૮૨)

* જૈસે સ્ફટિકમણિ સ્વભાવસે નિર્મલ હૈ, ઉસી તરહ આત્મા જ્ઞાન–દર્શનરૂપ નિર્મલ હૈ. ઐસે આત્મસ્વભાવકો હે જીવ! શરીરકી મલિનતા દેખકર ભ્રમસે મૈલા મત માન. ૨૨૫.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૧૭૭)

* શ્રાવકોંકો પાની છાનકર પીનેકા ઉપદેશ હૈ. પ્રથમ યહ આવશ્યક હૈ કિ ઉનકે ભાવોંમેં શુદ્ધ સમ્યગ્દર્શન હો વ અપને ચિત્તકો, દોષોંકો હટાકર સાફ કરેં, ચિત્તકો છાને, ફિર પાનીકો છાનકર પીવે. ૨૨૬.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૨૯૦)

* આત્મજ્ઞાનમયી આરાધના ઉસે કહતે હૈં જહાં ઐસી શુદ્ધ આરાધના હો કિ મેરા આત્મા હી નિશ્ચયસે પરમાત્મારૂપ હૈ, કોઈ પર-પદાર્થમેં પરમાણુમાત્ર મમત્વરૂપ મિથ્યાત્વકા દોષ ન હો ઐસી પવિત્ર ભક્તિ નિર્વાણકો લે જાતી હૈ. ૨૨૭.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૨૩૪)

* હે બુદ્ધિમાનો! આત્મજ્ઞાનરૂપ પવિત્ર તીર્થ એક આશ્ચર્યકારી તીર્થ છે, તેમાં બરાબર સારી રીતે સ્નાન કરો. જે કર્મમળ અંતરંગમાં છે ને જેને અન્ય કરોડો તીર્થો ધોઈ શકતા નથી તે મેલને આ આત્મ-જ્ઞાનરૂપી તીર્થ ધોઈ નાખે છે. ૨૨૮.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, શ્લોક–૨૮)

—*—

* આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વનિર્ણયપૂર્વક સ્વ-પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં, આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે. તેના માટે આત્માર્થીએ એવો પ્રયાસ કરવા જેવો છે. એવો પ્રયત્ન કરનાર, આત્મકલ્યાણની લગનીવાળા આત્માર્થી જીવને વિભાવમાં બિલકુલ શાંતિ લાગતી નથી, શાંતિ એક માત્ર આત્મામાં જ ભાસે છે—એક માત્ર આત્મામાં જ તેને સર્વસ્વ લાગે છે. જો આત્મામાં જ શાંતિ લાગે, સર્વસ્વ લાગે, તો જ તેનો ઉગ્ર પ્રયત્ન થાય. —પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૩૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

લોકભારતી, સણોસરા
વાયા–સોનગઢ